સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ

# કથાચક્ર

નવલકથા

# કથાચક્ર

સુરેશ જોશીનું સાહિત્યવિશ્વ – કથાસાહિત્ય

સુરેશ જોષી

કથાચક્ર Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


| | |
|---|---|
| કથાચક્ર | vi |
| ’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ | vii |
| સર્જક-પરિચય | 1 |
| – | iii |
| ૧ | 4 |
| ૨ | 15 |
| ૩ | 22 |
| ૪ | 28 |
| ૫ | 33 |
| ૬ | 38 |
| ૭ | 44 |
| ૮ | 49 |
| ૯ | 55 |

१० 62

११ 68

# કથાચક્ર

**કથાચક્ર**

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ : કથાસાહિત્ય : ટૂંકી વાર્તા

**સુરેશ હ. જોષી**

સંકલન: શિરીષ પંચાલ

# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati

literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શક્તિવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ

પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને 'ક્ષિતિજ' વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. 'ગૃહપ્રવેશ'(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. 'જનાન્તિકે'(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

—

જુઓ. સર્જકમાં રહેલો વિવેચક (આપણે ટોલ્સ્ટોયનો દાખલો આપીને કહી શકીએ કે) જો ઊંઘતો હશે તો પછી એના હાથમાં કશો દોર નહિ રહે ને એ જે લખે ને એ પછી એવું જ રહેવાનું. એટલે મને તો એમ લાગે છે કે સર્જન એ મેં તમને કહ્યું તેમ શબ્દનો કીન મને ન હોય, શબ્દનું વજન હું પારખતો ન હોઉં, શબ્દનો લય મને ખબર ન હોય ને પંક્તિ આખી ને આખી આવીને – એક શબ્દ છે, મને બહુ ગમતો નથી પણ વારે વારે વપરાય છે – 'સંઘેડાઉતારવચન.' તો સંઘેડાઉતારવચન આવે ત્યારે મને ખાસ વહેમ જાય કે આ કેવી રીતે સંઘેડાઉતાર? સંઘેડા પર ચડાવીએ ત્યારે કેવી રીતે ચડે? એટલે મને જરા એ શંકા જાય છે.

**સુરેશ જોષી**

# ૧

ભૂરો ઘોડો આગલા બે પગ ઊંચા કરીને ઊછળે છે. એનાં નસકોરાં ફૂલે છે. મોઢે ફીણ વળે છે… બહુ વિશાળ દરિયો, કાંઠે માછીમારનાં ઝૂંપડાંમાંના દીવા પણ ટગમગતા નથી. સરી જતા સાપના જેવાં ફીણ અન્ધકારમાં દર શોધ્યા કરે છે…

‘અરે, મૂરખ, એ દરમાં હાથ નહીં નાખીશ.’

‘કેમ?’

‘કેમ શું, કોણ જાણે અંદર શુંનું શું હશે?’

‘તો હું શાને આધારે ઉપર ચઢું?’

‘લે, મારો હાથ ઝાલ.’

‘ના રે, હું પડું ને તનેય પાડું.’

‘હું કહું છું, હાથ ઝાલ.’

‘વારુ, અરે…’

‘ક્યાં છે તું?’ ‘ક્યાં છે તું?’ ‘ક્યાં છે તું?’ ‘ક્યાં…છે…તું?’

ભૂરો ઘોડો ઊછળે છે. એની ચારે બાજુ કિલ્લાના બુરજની દીવાલ છે. એની ફાટમાંથી પીપળા ઊગી નીકળ્યા છે, એ દીવાલમાં ઘણા બધા દર છે, દરેક દરમાં સાપ છે, ઊછળતા ઘોડાના મોઢા પરનું ફીણ ચાટવા સાપની જીભ લપકારા મારતી બહાર આવે છે, ઘોડો ભડકે છે, એની ખરી પથ્થર સાથે અથડાય છે, તણખા ઝરે છે. એ તણખા અંધારામાં સંતાઈ રહેલા જીનની દાઢીમાં જઈને પડે છે, એકાએક ભડકો થઈ ઊઠવાથી ઘુવડની આંખ અંજાઈ જાય છે, દરમાંના સાપના ફૂંફાડાથી જીનની દાઢીમાં થયેલો ભડકો હોલવાઈ જાય છે, ધુમાડો ચક્રાકારે ઉપર ચઢે છે....

ચક્રાકાર પગથિયાં ઉપર ને ઉપર ચાલ્યાં જાય છે, એનો અન્ત નથી, ઉપરથી એ પોતાને જુએ છે, દીવાલને બાઝીને ચઢતું કોઈ જન્તુ જાણે! પોતાના એક પછી એક શ્વાસ પર પગ મૂકીને એ ઉપર ચઢતો જાય છે. વલયાકાર ધુમાડો એને ઘેરી વળીને એની સાથે સાથે ઉપર ચઢતો જાય છે. બે હાથ ફંગોળીને એને એ દૂર કરવા જાય છે, ને એના પગ સરી પડે છે. પડતાં પડતાં એ ચારે બાજુથી પડઘા સાંભળે છે: ‘ક્યાં છે તું?’ ‘ક્યાં છે તું?’ ‘ક્યાં...છે... તું?’

બેઠા થવા જતા ઉપરના પાટિયા સાથે એનું માથું અથડાયું. નીચે બેઠેલા પૈકીના ત્રણ જણ સિગારેટ ફૂંકતા હતા, બારીઓ બધી બંધ હતી. ધુમાડામાં વીજળીનો દીવો જાણે તરવા લાગ્યો હતો. બંધ બારીના કાચ સાથે એક માખી અથડાયા કરતી હતી.

‘કેમ,ગાડી અહીં ઊભી રહી ગઈ છે?’

‘કહે છે કે એન્જિનનો ડાયનેમો ફેઇલ ગયો છે.’

એણે બારી ખોલી. બહારની ઠંડી એને એકદમ બાઝી પડી...

‘અરે, તમે તો મને મારી નાખશો, છોડો ને...’

‘કેમ? ભીંસાઈ ગઈ!’

‘હા રે, તમે તો જાણે એક નહીં પણ દસને એકી સાથે ભેટતા હો તેમ...’

બહાર અંધારું હતું. એણે ઉપર આકાશ તરફ નજર કરી... ઊછળી ઊછળીને કૂદતો ભૂરો ઘોડો, એને મોઢે વળેલાં ફીણ.... અંદર કોઈક એકસરખું બોલ્યે જતું હતું. એનો અવાજ જાણે બહાર છટકી જવાનો રસ્તો નહિ જડવાને કારણે ચકરાવા લીધે જતો હતો. એ અકળાયો, એણે જોયું: લઘરવઘર વેશવાળો પ્રૌઢ વયનો એક માણસ, ઊંઘમાંય હીબકાં ભરતાં, રહી રહીને રડી ઊઠતાં ત્રણ છોકરાં, બે પગ આગળ ને એક ખોળામાં... માણસ એક સરખું બોલ્યે જાય છે, ને એકાએક હસી પડે છે, એ હસવાના અવાજથી ચમકીને ખોળામાંનું છોકરું રડી ઊઠે છે. એને એ માણસ કહ્યે જાય છે: ‘એ તો ગઈ, બે દિવસ થયા છે માંડ, દાક્તર જાણતા હતા તોય પહેલેથી કહ્યું નહીં, આય કેવું! તમેય મૂરખ ‘મા મા’ કરો છો તે શોધો ને તમે જ, ઘંટીની પાછળ છે? નાવણીમાં છે? ક્યાં છે?’ ને એ ફરી હસવા લાગે છે.

‘અરે ભાઈ, છોકરાને જરા જંપીને સૂવા તો દો, જે થવાનું હતું તે થઈ ગયું, જરા ધીરજ ધરો.’

‘આંખ બીડીએ તો આવી જ બને ને! હું જેવી આંખ બીડવા જઉં છું કે તરત જ એ એના બે હાથ મારી આંખ પર દાબી દેવા નજીક આવે છે. એ ગઈ પછી અમે કોઈએ આંખ બીડી નથી. એ અહીં જ છે...હાથ તૈયાર રાખીને જ બેઠી છે...’

‘ધાર કે હું આંખ દબાવી જ રાખું તો?’

‘તો શું?’

‘તો તને શું દેખાય?’

‘કેમ, તમને એવો તુક્કો સૂઝ્યો?’

‘તું ઉઘાડી આંખે શું જુએ છે તે તો હું જાણું છું. પણ બંધ આંખે તું શું જુએ છે તે મારે જાણવું છે.’

‘હું જૂઠું કહું તો?’

'તો?...'

'અરે, સાંભળો તો, ક્યાં ગયા તમે?'...

એ બારણું ખોલીને પ્લેટફૉર્મ પર ઊતરી પડ્યો. શિયાળાની રાતની નિસ્તબ્ધતા વચ્ચે એન્જિનની વરાળનો એક સરખો અવાજ સંભળાયા કરતો હતો. પ્લેટફૉર્મ સૂમસામ હતું. એને કુતૂહલ થયું, 'આ કયું સ્ટેશન હશે?' દૂર ડુંગરનો અણસાર હતો. ગામ નજીકમાં હોય એમ લાગ્યું નહીં. એ સ્ટેશનના નામના પાટિયા આગળ ગયો. અંધારામાં કશું દેખાયું નહીં. પાટિયા પરના કોતરેલા અક્ષરો પર હાથ ફેરવીને એણે આંધળાની જેમ નામ ઉકેલવા માંડ્યું. ત્રણ અક્ષર ઉકેલતાં જ એ ચમક્યો...

'કેમ, ચમકયા? એ તો મારો હાથ હતો.'

'તારો હાથ હતો?'

'કેમ, હજી શંકા છે?'

'તો એ આટલે બધે દૂરથી આવતો હોય એમ કેમ લાગ્યું?'

'કારણ કે તમે ક્યાંક દૂર દૂર છો?'

'તો તારી પાસે કોણ છે?'

'તમારું શૂન્ય...'

'શૂન્ય મારું જ છે એની શી ખાતરી?'

'તમારા શૂન્યને મારા નિ:શ્વાસ ઓળખે છે.'

'ને મને કોણ ઓળખે છે?'

'લાવો તમારો હાથ.'

'કેમ?'

'મેં હાથ માગ્યો હતો, પ્રશ્ન નહીં. કન્યાઓ પાણિગ્રહણ કરે છે, પ્રશ્નગ્રહણ નહીં.'

'ગ્રહણ કરે છે ખરી?'

'જાઓ, તમને તો નરી શંકા જ શંકા છે?'

'ને તને?'

'જરા પાસે આવો, જવાબ દઉં.'

'અરે, હોઠને હોઠ.'

'હા, બોલશો નહીં...'

એ ફરી ચમકી ઊઠ્યો. અંધારામાં કોઈ જોતું નહોતું, છતાં એણે પોતાને હોઠે હાથ ફેરવ્યો, આંગળી વડે એ ત્યાં કોઈ નામ ઉકેલવા મથી રહ્યો. પાસેના ઝાડની ડાળ પરથી કોઈ પંખી પાંખો ફફડાવીને બીજી ડાળે જઈ બેઠું.

એ સ્ટેશનની બહાર નીકળી ગયો. એણે ચાલવા માંડ્યું. એ જાણતો હતો, આ બીજા વળાંક આગળ દાદા સામે મળશે, કહેશે: 'અલ્યા, આટલી લાંબી મુસાફરીએ નીકળ્યો છે તે ઓઢવા-કરવાનું કશું લીધું નથી?

'તને ઠંડી લાગી જાય છે ને પછી તારો શ્વાસ રુંધાઈ જાય છે, લે આ મફલર...'

'દાદા, તમારો શ્વાસ રુંધાતો નથી?'

'તેં જ્યારથી જીદ પકડી છે ત્યારથી...'

'આપણે બંને જીદથી પકડાયા છીએ.'

'આવી જીભાજોડી કરવા મેં તને નથી ભણાવ્યો.'

'દાદા, હું તો જાઉં છું.'

'બેટા, કોઈ ક્યાંય જતું નથી, પોતાની જ પ્રદક્ષિણા બધા ફર્યા કરતા હોય છે.'

એણે પાછળ જોયું. કોઈ નહોતું. અંધારામાં એનો પોતાનો પણ ચાલવાથી આઘીપાછી થતી હવાને કારણે આછો આભાસ જ વરતાતો હતો.

'કેમ હસે છે?'

'બસ, અમથી જ.'

'કારણ વગર હસે તે ગાંડા કહેવાય.'

'તમે છો પછી બીજા કારણની શી જરૂર?'

'મને જોઈને હસવું આવે છે?'

'નહીં આવે? રહીરહીને પાછળ જુઓ છો, કેમ જાણે કોઈ પાછળ નહીં પડ્યું હોય?'

'મને ભય લાગે છે.'

'હવે તમે જ કહો, આવું આવું બોલો છો તે મને હસવું નહીં આવે!'

'મને કોઈ માણસનો ભય નથી લાગતો, કશુંક અશરીરી, શૂન્ય...'

'એ તમારા શૂન્ય આગળ મને એકડાની જેમ ઊભી કરી દો ને!'

એણે ચાલવા માંડ્યું. દૂર વસતિનો અણસાર હવે વરતાતો હતો. અંધારામાં મનુષ્યના સંસારની ભૌમિતિક રેખાઓને એ જોઈ રહ્યો. રેખા રેખાને છેદે છે, ખૂણો પડે છે, ઉપર છાપરું થાય છે, દીવો પ્રકટે છે, ચહેરાઓ દેખાય છે:

‘શું લખે છે?’

‘નહીં બતાઉં.’

‘એમ?’

‘હા, એમ.’

‘વારુ.’

‘બસ, ડરી ગઈ ને?’

‘સાચું કહું? તારો મને ઘણો ડર લાગે છે.’

‘કેમ?’

‘તારામાં જાણે ઘણો બધો અન્ધકાર ઠાંસીઠાંસીને ભર્યો છે.’

‘તેં સપનું જોયું છે કે શું?’

‘જે હોય તે – એ અન્ધકારમાં સાપની આંખથી જ જોઈ શકાય.’

‘સાપ, પછી બીજું શું?’

‘તને તો બધી મજાક જ લાગે છે! જા, નહીં બોલું!’

‘લે, હું શું લખતો હતો તે જોવું છે ને?’

‘અહં..’

‘જો, આ ત્રણ રેખા ‘

ચાલતાં ચાલતાં એનો શ્વાસ ભરાઈ આવ્યો. એ સહેજ ઊભો રહી ગયો. એનાં થંભેલાં

પગલાંની વચ્ચે થઈને જાણે કોઈ ધસી આવ્યું. એ અણછતા આકારોની વસતિ વચ્ચે જાણે અથડાતો હતો. એ સહેજ દૂર સરીને ઊભો રહ્યો. વળી એની ટેવ પ્રમાણે એણે પાછા ફરીને જોયું. જુવાળની જેમ કશુંક ધસમસતું આવી રહ્યું હોય એવા ભણકારા વાગ્યા. એણે સફાળા ફરી ચાલવા માંડ્યું. ભૂમિતિની આગળ ખેંચાતી રેખાની જેમ,...બિન્દુઓનું સાતત્ય વિસ્તારતો એ ચાલ્યો ગયો. ચાલવાની ક્રિયામાંથી એણે પોતાનો દોર ખેંચી લીધો. દોર ખેંચવાનું પૂરું થતાં એ બેસી પડ્યો. એની આંખ સામે કાચની બારી હતી. અંદર મહેફિલ જામી હતી. પાયલના આછા રણકાર એ સાંભળતો હતો. અંદર કોઇક નાચતું હતું– વલયાકાર ધુમાડાની જેમ, કાચની બારીની બહાર નીકળવા મથતી માખીની જેમ, ઊછળીને કૂદતા ભૂરા ઘોડાની જેમ.

કોઈએ એને હડસેલો માર્યો. પૂછ્યું: 'આટલી રાતે અહીં શું કરે છે 'લ્યા?'

એણે ઊભા થવાનો પ્રયત્ન કર્યો.

'સારા ઘરના માણસ થઈને આટલી રાતે અહીં ભટકો છો? ક્યાં રહો છો?'

એની આંખ આગળ મ્યુનિસિપાલિટીના ઘરના નંબરની ભૂરી તખતી, ઉપર દેવનાગરીમાં ધોળા ઇનેમલથી પાડેલો અને થોડા આંકડા અસ્પષ્ટ દેખાયા. એને એ ઉકેલતો જ હતો ત્યાં –

'કેમ, જવાબ કેમ દેતા નથી? મોઢામાં મગ ઓર્યા છે?'

'મારી સામે શું તાકી રહ્યા છો, મને તમે જોઈ નથી?'

'અરે તમને થયું છે શું? જવાબ કેમ દેતા નથી?'

'શેનો જવાબ?'

'મારી સામે કેમ તાકી રહ્યા છો?'

'તાકી તાકીને તારો ચહેરો પારદર્શી બનાવવા ઇચ્છું છું .'

‘કેમ?’

‘જેથી એની આરપાર જોઈ શકાય.’

‘શું જોવું છે?’

‘એ તો જે દેખાય તે ખરું!’

‘મને જોઈ જોઈને કંટાળ્યા?’

‘તું મને જુએ છે ખરી?’

‘લો, તમે તે કેવી વાત કરો છો!’

‘મારા પ્રશ્નનો જવાબ આપ.’

‘આપું છું. એમ ડરાવશો નહીં.’

‘તેં મને જોયો છે?’

‘જોયા છે, જોઉં છું, ને –’

‘શું જોયું છે?’

‘કેમ વળી તમારી આંખની ભમર પરનો તલ,...’

‘પોલીસખાતું જેમ શરીર પરની નિશાનીની નોંધ રાખે તેમ...’

‘કેમ, મિસ્ટર, પોલીસચોકીએ જવું છે કે શું?’

‘ના.’

‘તો બોલો, શું છે તમારું નામ?’

‘નામ?…’

‘અલ્યા, જો વળી ભૂલ કરી. તારું નામ લખતાં સુધ્ધાં નથી આવડતું. ઘૂંટ, જોઉં.’ આંખમાં ઝળઝળિયાં આવી ગયાં છે, હમણાં જ આમળેલો કાન બળી રહ્યો છે. નીચી મૂડીએ એ નામ ઘૂંટ્યે જાય છે. ફરી ફરીને એ ત્યાં ને ત્યાં આવે છે, ત્રણ અક્ષરનું નામ ઘુંટાઈ ઘુંટાઈને રેખાઓની જાળ જેવું બની ગયું છે. એ જાળ વચ્ચેથી એ રસ્તો શોધીને છટકી જવા ઇચ્છે છે, પણ એ જેમ જેમ બહાર નીકળવા મથે છે તેમ તેમ રેખાઓની અડાબીડ ઝાડીમાં અટવાતો જાય છે.

‘કઈ ડાળ પર છે તું?’

‘જોતો નથી? આ તો રહી.’

‘અરે, એ તો સાવ પાતળી ડાળ છે, તૂટી પડશે તો હાડકાં ભાંગશે. આ ડાળ પર આવી જા.’

‘તું આ બાજુ આવ ને!’

‘કેમ?’

‘એક વાત ખાનગીમાં કહેવી છે.’

‘તો અહીં ક્યાં બીજું કોઈ છે?’

‘તેથી શું કાંઈ ઘાંટો પાડીને થોડું જ બોલાય?’

‘વારુ, કહે જોઉં.’

‘બધા તને જે નામે બોલાવે છે તે નામે હવે હું તને નહિ બોલાઉં.’

‘તો?’

'મેં તારું નામ પાડ્યું છે.'

'શું?'

'અહીં પાસે આવ ને, કાનમાં કહું.'

'લે બસ.'

'પણ એક શરત.'

'એમાંય વળી શરત? શી શરત?'

'નામ બીજા કોઈનેય કહેવાનું નહીં, ભગવાનનેય નહીં.'

'તું એ નામે મને બોલાવશે તો કોઈ સાંભળી નહીં જાય?'

'ના, હું તને એ નામે બોલાવવાની નથી. એ નામ તો સંતાડી રાખવાનું.'

'એ તે કાંઈ સીતાફળ છે કે સંતાડી રાખવાથી પાકીને મીઠું થાય?'

'એની તને શી ગતાગમ? લે, તારે સાંભળવું નથી?'

'કહે જોઉં?...'

એ નામનો ઢગલો ફંફોળવા લાગ્યો: માએ પાડેલું હુલામણું નામ, દોસ્તદારોએ ચિઢવવાને પાડેલું નામ, નિશાળના રજિસ્ટર પરનું નામ, ટપાલના સિક્કાની છાપ નીચે દબાયેલું નામ, નોકર તરીકે કરેલી સહીમાં લખાયેલું નામ – એણે આખરે કંટાળીને કહી દીધું: 'લખોને, જે લખવું હોય તે ....

# ૨

પડોશના દામુ ડોસા – સંધિવાથી પીડાતા ઘૂંટણે હાથ દઈને એક એક પગથિયું ઊતરે છે, બીજી બાજુના પડોશમાં ગાંડાં કમળાડોશી રાગડો તાણીને ભાગવત કે ગિરધરકૃત રામાયણ વાંચે છે, સામેને ઘરે ઊંચે સાદે પત્ની પતિને દબડાવે છે, નાનાં છોકરાં હેબતાઈ જઈને રડું રડું થઈ રહ્યાં છે; એની બાજુમાં એક જુવાનિયો કલ્પિત વેદનાને ઢાંકેલી અંધારી ઓરડીમાં ઘૂંટતો ઘૂંટતો ગુંજતો પડ્યો છે, પડખેના ઘરની પ્રૌઢા કુમારિકા એ સૂર કાન દઈને સાંભળતી ઘડીક અન્યમનસ્ક થઈ જાય છે, છેલ્લે ઘરે ક્ષયની છેલ્લી અવસ્થામાં પડેલી યુવાન વહુ ઓટલે બેઠી બેઠી તડકો ખાય છે... આ બધું ચક્રાકારે ઘૂમે છે, એ ઘડીભર દૂર સરીને આ જોયા કરે છે. પણ એ બધું હવામાં કણ કણ થઈને ફેલાય છેઃ પગ વાળીને બેસતાં સહેજ સરખું થતું કળતર, પ્રૌઢા કુમારિકાની દૃષ્ટિની નિરપેક્ષ અધીરતા, ક્ષયના દર્દીની ઉત્તેજના. દૃષ્ટિ પર આ બધાંનું આછું આવરણ, શબ્દોને ફોલીને પોલા કરી નાખનારો કીટના જેવો એનો પ્રયાસ, ભક્ષ્યની અવિરત શોધ.

એ સંજ્ઞા સાથે પોતાની કોઈ આન્તરિક સંજ્ઞાનું સમીકરણ શોધવાનો એણે પ્રયત્ન કર્યો નહીં. એ બારણા આગળ ઘડીક ઊભો રહ્યો, દશેરાના વાસી ગલગોટાના તોરણને એ જોઈ રહ્યો. અંદરનો, ઘરની વળીઓમાં કોકડું વળીને બેઠેલો અન્ધકાર એણે વાંકા વળીને જોવાનો પ્રયત્ન કર્યો...

‘કોનું કામ છે?’

‘કોઈનું નહીં.’

એ અંદર પ્રવેશ્યો, કે પછી કશાકની બહાર નીકળી ગયો તે એને સમજાયું નહીં. બહાર જઈએ છીએ ત્યારે કશાકમાં પ્રવેશતા હોઈએ છીએ ને પ્રવેશતા હોઈએ છીએ ત્યારે કશાકની બહાર નીકળતા હોઈએ છીએ… બહાર, અંદર – બંને શબ્દોના પડને અવળાસવળા કરીને એ ગૂંથવા લાગ્યો.

પૂજાની ઓરડીના ચન્દનમિશ્રિત અન્ધકારમાં એક છાયા સળવળી, ગીતાપાઠ અટક્યો નહિ.

‘મા, એ ગીતાના પાને પાને, અક્ષરે અક્ષરે મારી આંખો વેરાયેલી પડી છે. તેં એને એકઠી કરી લીધી છે? એની પોટલી સાચવીને માળિયે મૂકી રાખી છે?’

ટેબલક્લોથમાં જડેલા આભલા પૈકીના કેટલાક અર્ધા તૂટી ગયા છે, કેટલાક પૂરા નીકળી ગયા છે, ધુમાડાથી ઝાંખી બનેલી કેટલીક છબિઓમાંના ચહેરા નિનિર્મેષ નેત્રે તાકી રહ્યા છે. એ છબિઓમાંના ચહેરાઓ હવે અવળા ફરીને બીજી તરફ કેમ નહીં જોતા હોય? હીંચકો હવે નથી, એની જગ્યાએ શૂન્ય અવકાશ પોતાના જ પ્રેતને ઝુલાવ્યા કરે છે. સામેની દીવાલ પર ઘડિયાળ છે, પણ એના ચંદા પર કાંટા નથી, પણ સમયની ટેકણલાકડી ખૂંચવીને કોઈએ એને ચાવી આપવાનાં બે કાણાંમાં પૂરી દીધો છે. એ બે કાણાંમાંથી એની આંખો નિષ્પલક તાકી રહી છે. ટેબલ પાસેના ઘોડા પર ચોપડીઓની થપ્પી છે, એની પરના ધૂળના થર પર હજી એની આંગળીની છાપ હશે ખરી? ને ‘સરસ્વતીચન્દ્ર’ના પહેલા ભાગમાં સંતાડેલો પેલો કાગળ? એ કાગળમાં સંતાઈને આવેલી એ …

‘તું કેમ કશું લખતો નથી?’

‘બારાખડીના બધા અક્ષર હું જઈ પહોંચું તે પહેલાં લુંટાઈ ગયા, મારે ભાગે આવ્યો માત્ર વિસર્ગ!’

એની આંખ બધી વસ્તુ પરથી સરી પડતી હતી. બધી વસ્તુ ફૂલી ગઈ હતી, શૂન્યતાનો આખા ઘરને સોજો ચઢ્યો હતો. એના કળતરનો ધબકાર ઘરની હવામાં હતો. એની બીકથી એ ‘મા’ જેવું એકાક્ષરી સમ્બોધન પણ ઉચ્ચારતો નહોતો. અક્ષરમાં પોતાજોગું

પોલાણ કાઢી લઈને એ ધબકાર ઘર કરી લેતો હતો. વળીઓમાં ભરાઈ બેઠેલો અન્ધકાર ઘટ્ટ મૌનમાં ઓગળતો જતો હતો. એના દ્રાવણનો ભેજ અવાજ માત્રને સાવ લૂલા કરીને ભાંગી નાખતો હતો. અબરખનાં પડ જેવાં બાર વરસ એની ને બધી વસ્તુ વચ્ચે જડાઈ ગયાં હતાં. ન બોલાયેલા શબ્દોની મેશથી બધું એકસરખું લીંપાઈ ગયું હતું.

પૂજાની ઓરડીમાં ઘંટડી રણકી, ઘડિયાળના ચંદા પરનાં બે કાણાંમાં જાણે બે આંખો તગતગી ઊઠી; ઘંટડીનો રણકાર લથડતો અથડાતો બહાર નીકળી જવા જાણે માથું પકડવા લાગ્યો. ઘરમાંના બધા અસબાબે એને થોડો થોડો કરીને શોષી લીધો. એના અવશેષનાં હાડપિંજર પણ અહીંની હવામાં શોષાઈને પડ્યાં છે. એને ઓગાળીને સારવી લેવાનું શક્ય બની શકે ખરું?

પૂજાની ઓરડીમાંથી મા બહાર આવી. એ બારી આગળ જઈને ઊભો, રેખાઓ એક બીજાને છેદતી નથી, ખૂણાઓ પડતા નથી. સાંકડા અવકાશમાં બે આકૃતિઓ અનેક છૂપા ચીલાઓને શોધતી ફરે છે. પોતાનામાં નવા નવા ચીલા પાડીને ઘણા આકારો ઘૂમી રહ્યા છે. એ આકારને ચહેરા નથી, અંગો નથી, છે માત્ર વિશ્લિષ્ટ રેખાઓ – ના, રેખાઓ પણ નહીં, બિન્દુઓ.

બારી પાસે ઊભા ઊભા એણે માને જોઈ. વીતેલાં વરસોનું કઠણ કોચલું ઉપર એવું તો સખત થઈને બાઝી ગયું હતું કે એની બહાર એ આવી શકે તેમ હતું જ નહીં. આ ઘર પણ વીતી ચૂકેલા સમયનું ખોખું માત્ર બની રહ્યું હતું. એ જોયા કરતો હતો: મા એક વસ્તુ પાસેથી બીજી વસ્તુ પાસે જતી હતી. એક લેતી ને બીજી મૂકતી, એ અહીંથી તહીં ઘૂમ્યા જ કરતી હતી. આ ગતિના ડહોળાયેલા પ્રવાહમાં એના આકારની રેખાઓનું વક્રીભવન થઈ જતું હતું. એનું મન ધૂંધળું બનતું જતું હતું. કશાક તેજાબથી એને એ ધોવા ઇચ્છતો હતો. ધોવાને નિમિત્તે તેજાબથી દાઝવા ઇચ્છતો હતો, દાઝીને ચામડીની જેમ કશુંક ઊતરડી નાખવા ઇચ્છતો હતો.

‘કાયર, કાયર!’

‘તું બહાદુર છે તો ભાગતી કેમ ફરે છે?’

'હું ભાગતી ફરું તો મને શોધવાનું સાહસ તો તું કરે!'

'તારામાં શોધવાનું તે વળી છે જ શું?'

'તેં શું શોધ્યું છે, કહે જોઉં?'

'જાદુનો મન્ત્ર.'

'એથી શું થાય?'

'એ મન્ત્ર ફૂંકતાંની વારમાં તું...'

'બસ, બસ.'

'આ શું કરે છે? આમ તે બાઝી પડાતું હશે? તું કોણ, હું કોણ...'

'બહુ બહાદુર છે ને, તો મને ઊતરડી નાખ જોઉં.'

અંધકારને ચઢાવેલા અસ્તરના જેવો તડકો, સૂતેલા યમની ફરકતી મૂછના જેવી કંપતી હવા, પોતાની જ ગતિના નટવાના દોર પર ચાલતી મા – એ શોધવા લાગ્યોઃ દાદીમાની પેલી વાર્તામાંની પરીની પાંખનું એકાદ પીછું; બાળપોથી પરના, અનિશ્ચિત ડગમગ થતા હાથે લખેલા, નામના એકાદ-બે અક્ષરો; દાદાની બીકે ઉતાવળથી સંતાડી દીધેલાં એક-બે ડૂસકાં...

ઘરની અંદરના તસતસતા શૂન્યની અંદરના સબકા સાથે તાલ જાળવીને મા ફર્યે જતી હતી – આ ચાલવાનો રોગ એનેય શું નહોતો? એ કશાની જોડેનો તાલ જાળવવાને ચાલતો હતો કે પછી –

'બસ, હવે મારે નથી ચાલવું, હું તો આ બેઠી.'

'થાકી ગઈ?'

'ના.'

'તો?'

'તું જે કારણથી ચાલે છે તે મને નથી રુચતું.'

'કયું કારણ?'

'પગલે પગલે કશુંક ભૂંસ્યે જવાનું, નિ:શેષ કર્યે જવાનું.'

'જા જા, ગાંડી!'

'જોને, તારો ચહેરો જ કહી આપે છે ને! જો હમણાં ને હમણાં ભૂસી નહીં નાખે તો પગેરું કાઢનારા તરત આવી ચઢશે, પકડશે – ને તારે ક્યાં કોઈથી પકડાવું છે? એથી જ તો તું લોકોના ચહેરાઓ વડે તારો ચહેરો ભૂંસે છે, ક્યાંક પગલાંની છાપ પડવા દેતો નથી.'

'બસ, બહુ થયું. એ બધું તું જાણે છે તો મને કેમ પકડાવી દેતી નથી?

'પકડાવી દઉં તો શું ઇનામ આપશે?'

'મને જે શિક્ષા થશે તે તને ઇનામમાં આપી દઈશ.'

'કબૂલ.'

'તો પકડી લે મને.'

'લો, વળી પાછું ચાલવા માંડ્યું!'

'બેઠેલાને તો સૌ કોઈ પકડે, એમાં શી બહાદુરી?'

'તું ચાલે એનો મને વાંધો નથી. શરત માત્ર એટલી કે હું જે દિશામાં ચાલું તેની વિરુદ્ધ દિશામાં તારે ચાલવાનું.'

‘તારી કઈ દિશા?’

‘તારી જે નહીં તે.’

એણે જોયું: એના પડછાયા પર થઈને મા ચાલતી નથી, એને ટાળીને ચાલે છે; એના પડછાયાને એ ઓળખે છે, એની એને માયા છે. આ ઘરમાં માયા બચી છે ખરી – વિચાર પૂરો મનમાં પ્રકટે તે પહેલાં જાણે કશીક પાંખના ફફડાટની ઝાપટથી બુઝાઈ ગયો. એની આંખ આગળથી બધું ભુંસાઈ ગયું. એ નર્યા નિરાકાર અવકાશમાં તરવા લાગ્યો – એને થયું: ક્યાં ગયું મારું વજન?

‘લાવ મારી ચોપડી.’

‘લે.’

‘અંદરથી શું કાઢી લીધું?’

‘પીપળાનું પાંદડું.’

‘કેમ?’

‘મને ગમે છે. બધી નસના તાંતણા દેખાય એવું પારદર્શી, આકારની રેખા અકબંધ, છતાં એ રેખા નરી માયા હોય એવો દેખાય – તું મનેય એવો પારદર્શી, માયારૂપ કરીને બે પડ વચ્ચે દબાવીને રાખી શકીશ?’

‘પણ પછી બહાર નહીં કાઢું, બહાર કાઢું તો તો પવનમાં ઊડી જ જાય ને! માયાને કાંઈ થોડું જ વજન હોય છે?’

માના આંટાફેરા ચાલુ જ છે, ઘડિયાળના ચંદામાંની પેલી બે પોલી આંખો એમની એમ તાકી રહી છે, દામુ ડોસા ઘૂંટણે હાથ દઈને એક પછી એક પગથિયું ઊતરે છે, ગાંડાં ક્મળાડોશી રાગડા તાણીને વાંચે છે – ‘ગીતાની પોથીમાં વેરાઈ ગયેલી મારી આંખોની પોટલી તેં કયા દરમાં સંતાડી રાખી છે? એ દરમાં તો મણિધર નાગ રહે છે. મારી

આંખોનો ખજાનો તારે એને સાચવવા સોંપવો છે?' આ શબ્દો એના મનમાં પ્રકટ્યા, પણ બીડેલા હોઠનાં બે પડ એણે છૂટા કર્યાં નહીં, રખે ને પીપળાનું પાંદડું ઊડી જાય...

# ૩

લોકોની ભીડ વચ્ચે ચાલવું એને ગમે છે. એથી એને જેલની દીવાલની જેમ ઘેરી વળતી રેખાઓ ઘસાઈ ઘસાઇને ભુંસાઈ જતી લાગે છે. કેવળ ચાલ્યે જવાના પ્રવાહની સપાટી પર એ આસાનીથી તરે છે; તરતાં તરતાં પોતાને ઓગાળતો જાય છે, ને પછી કેવળ પરપોટાની જેમ સપાટી પર થોડી વાર સુધી ટકી રહી અન્તે પ્રવાહમાં તળિયે બેસી જાય છે. સાંજને વખતે રાતી આભા એની અપાથિર્વતાથી એક નવી જ અપરિચિતતા ઉપજાવી દે છે ત્યારે એ તકનો લાભ લઈને એ સૃષ્ટિની ને પોતાની વચ્ચે નવું અન્તર ઉપજાવી લે છે, પરિમાણો બદલી નાખે છે, ને એ રીતે થોડી મોકળાશ અનુભવે છે. બધાં સંવેદનોમાં પરોવાઈને ગુંથાતી જતી એની ચેતનાનો દોર એ ખેંચી લે છે, ને ત્યારે વિખેરાઈ જતાં સંવેદનોની અળપાતી રેખાઓને ધીમે ધીમે નિ:શેષ થઈ જતી જોવાનો એને આનન્દ આવે છે. શૂન્યના ગર્ભમાં રહેલો કુંવારો અન્ધકાર ત્યારે એને સ્પર્શે છે, એના રન્ધ્ર રન્ધ્રમાં એ પ્રસરતો જાય છે, ને ત્યારે નરી અન્ધ વિસ્તૃતિને છેલ્લે સીમાડે એ ટપકું બનીને અલોપ થઈ જવા આવેલી પોતાની સંજ્ઞાને ઉદાસીનતાથી જોઈ રહે છે.

‘જો તો, હું કેવી લાગું છું?’

‘ચાર દેવ સ્વર્ગમાંથી મનુષ્યને છદ્મવેશે તને વરવાને ઊતરી પડે એવી.’

‘ચાંપલાશ રહેવા દે ને!’

‘...’

‘શું કહ્યું?’

‘હું ક્યાં કશું બોલ્યો જ છું જે!’

‘વારુ!’

‘વારુ, એક વાત પૂછું?’

‘પૂછ.’

‘તારી આંખને તળિયે મેં સાચવવા આપેલું અન્ધકારનું બિન્દુ તેં સાચવી રાખ્યું છે ને?’

‘શી ખબર! જોવું હોય તો જોઈ લે ને?’

‘જે દિવસે એ ન સાચવી શકાય એમ લાગે ત્યારે મને કહેજે, હું પાછું લઈ લઈશ.’

‘જે તું આપી ચૂક્યો છું તેની એટલી બધી આસક્તિ શા માટે?’

‘મેં અનાસક્ત હોવાનો દાવો ક્યારે કર્યો છે?’

‘તો તારા બે હાથની વચ્ચે આટલો બિહામણો પોકળ અવકાશ કેમ છે? તારી આંગળીનાં છિદ્રોમાંથી આખું આકાશ કેમ સરી જતું લાગે છે?’

‘એ તો તારી કલ્પના – તને એવી કલ્પના વિના બીજું શું બચાવી લઈ શકે તેમ છે, કહે જોઉં?’

‘મારે કોનાથી બચવાનું છે?’

‘આજે હવે મારે તને પહેલેથી કક્કો નથી ઘુંટાવવો!’

‘એટલું બધું અભિમાન?’

‘અભિમાન સિવાય મારી પાસે તેં બીજું શું રહેવા પણ દીધું છે?’

'પ્રશ્ન સામે પ્રશ્ન ફેંકવાની તારી જૂની ટેવ–'

'ટેવ ભલે ને જૂની હોય, પ્રશ્નો તો એના એ નથી.'

'તું જિંદગીમાં નવા વળાંકે નવો પ્રશ્ન લઈને મારું સ્વાગત કરવા ઊભો રહીશ નહીં?'

'ને તું?'

'એકાદ બિન્દુ અશ્રુજળ...'

મૌનને એ સમજી શકે છે, જીરવી શકે છે, પણ સજળ મૌન – અશ્રુસભર મૌન આગળ એ હારી જાય છે. એથી મૌનની પાળ તૂટુંતૂટું થઈ જતી લાગે છે. એની આડે બંધ બાંધી દેવાની શક્તિ એનામાં નથી. આથી એવી પળે એ બોલ્યે જાય છે, બે શબ્દો વચ્ચે મૌન ધસી આવે તે પહેલાં એ શબ્દોને જોડી દઈને આગળ દોડ્યે જ જાય છે. ઘણા ઘણા શબ્દો છે એની પાસે – ભુલાઈ ગયેલા કોઈ પ્રતાપી રાજાના જૂના સિક્કા જેવા. એનું હવે ચલણ નથી, એ માત્ર છાપ છે. પણ એથી વિશેષનો એને ખપ પણ નથી. શબ્દોની નિરર્થકતા જ એને ઉગારી લે છે. પણ અર્થનો લોપ કરવાને કેટલું આકરું તપ કરવું પડે છે! ચિત્તના નિબિડ અરણ્યમાંની બે અરણીની શાખાઓને જોરથી ઘસતો ઝંઝાવાત, એને પરિણામે પ્રકટતો અગ્નિ, એની ફેલાતી જ્વાળા.

'કેમ આટલે બધે દૂર ઊભો છે?'

'તારી આજુબાજુ આ વીતેલાં વર્ષોએ એક કૂંડાળું રચ્યું છે. એ કૂંડાળું અગ્નિનું છે. તને યાદ છે? આપણે એક વાર જંગલમાં રાતવાસો કરેલો ત્યારે વાઘદીપડાથી બચવા ચારે બાજુ દેવતા સળગાવીને કૂંડાળું કરેલું ખરું ને?'

પોતાની આસપાસ એ અગ્નિવલયોને એણે વિસ્તરતાં જોયાં છે. એની બહાર એ હંમેશાં જવા મથે છે, પગ ઉપાડે છે, ચાલે છે.

'કેમ એકલી આવી? મારી તને બીક નથી લાગતી?'

‘તારો ભય કેવો હોઈ શકે એ જાણવા જ તો એકલી આવી છું.’

‘પ્રેમ જ બે વ્યક્તિને નથી જોડતો, ભય પણ જોડે છે.’

‘તું વ્યક્તિ છે જ ક્યાં જે – તું તો એક બિન્દુ, એને તમે ગમે તે કહો ને...’

‘હા, ગમે તે – ....’

ડુંગરની રૂપરેખાનો આભાસ ક્ષિતિજ પર દેખાતો હતો. એ ડુંગરનું આરોહણ એણે કેટલીય વાર કર્યું છે. દરેક વખતે ઉપર જઈને એણે કિલ્લામાંની ગાંડી તોપને હલાવવાનો પ્રયત્ન કર્યો છે. જેનામાં પૂરતી માત્રામાં ઉન્માદ હોય તેવાથી જ એ ખસે એવી કિંવદન્તી એણે સાંભળી છે. એ તોપની પાસે જ ગોળાઓનો ઢગલો છે. લોકો કહે છે કે એ ઢગલો વધતો જ જાય છે. નહીં જિરવાયેલાં વર્ષો લોકો અહીં મૂકી જાય છે. એણેય કાંઈ કેટલાં વર્ષો ત્યાં મૂકી દીધાં છે! પણ હવે એ તોપ ફૂટવાની નથી, ખસવાની નથી, એ ગોળા કોઈ ફેંકવાનું નથી – લોકોને મોઢે એ આવું સાંભળે છે. પણ એ આ વાત સ્વીકારી શકતો નથી. એ પોતાનામાં ઝનૂનનો સંચય કરે છે. આંસુનો ભેજ એને અડે નહીં તેની તકેદારી રાખે છે. કોઈક વાર એ ગાંડી તોપનું મોઢું ફેરવીને, એમાં ગોળા ઠાંસીને બધું ઉડાવી દેવા ઇચ્છે છે: સતીનું વન...

‘તું કહેતો’તો તે સતીની પાદુકા ક્યાં છે?’

‘એનો મહિમા એવો છે કે એ સતીને જ દેખાય.’

‘તો હું શોધી કાઢું?’

‘કેમ, સતીત્વ પુરવાર કરવાને આટલી બધી અધીરી બને છે?’

‘મારે કશું પુરવાર નથી કરવું.’

‘તારી પાસે પુરવાર કરવા જેવું શું છે? કશુંય છે ખરું?’

‘છે, પણ એ શું છે તે તને નહીં કહું.’

‘તારી આવી અસંખ્ય ‘તને નહીં કહું’ વાળી વાતોનો તેં મારી પાસે ઢગલો વાળ્યો છે તે ક્યારે પાછી લઈ જઈશ?’

‘કેમ, તને એનો ક્યારથી ભાર લાગવા માંડ્યો?’

‘જ્યારથી તેં તારો ભાર ઉપાડ્યો ત્યારથી.’

‘એ ભાર તું ઉતારી આપીશ?’

‘ઉતારીને ક્યાં મૂકં◌ુ?’

‘મને વર શોધી આપ.’

‘એટલે તું એને ખભે મૂકી દે, એમ ને?’

‘હાસ્તો.’

‘વરનો આથી સારો ઉપયોગ હજુ તને સૂઝ્યો નથી, ખરું ને?’

‘એમાં તું શું સમજે?’

‘ને તું એ બધું ક્યારથી સમજતી થઈ ગઈ?’

‘સ્ત્રી જે સમજે છે તે સમજવાને પુરુષોને ઘણા અવતાર લેવા પડે છે.’

‘ને એ સમજ્યા પછી અવતારના ફેરામાંથી એનો છુટકારો થાય છે ખરો?’

‘કોઈ સતી મેળવવાને ભાગ્યશાળી થયો હોય તો થાય.’

‘આ તો સતીઓનું જ વન છે...’

ઉંબરાના ઝાડનું ઝુંડ, પાતાળઝરણું, રેલવેના પાટા – દૂરતાની દ્વિપદી. એ દ્વિપદીનો પ્રાસ હવે એના શ્વાસ જોડે બેસતો નથી. એની નજર સામે નહીં ખૂંદેલો અક્ષુણ્ણ સ્થળ-વિસ્તાર તરવરી રહે છે. એના શ્વાસ એક ક્ષણના સાંકડા મોઢામાંથી બહાર નીકળી શકતા નથી. એ શ્વાસને સંકોચે છે. ક્ષણના સાંકડા પરિમાણને અનુરૂપ એ શ્વાસને સંકોચ્યે જ જાય છે. પણ દૂર દૂરના અવકાશની ઝંખનાથી સ્ફીત બનેલા એના ઉચ્છ્વાસને સંકોચી શકતા નથી. એ ઉચ્છ્વાસ છાતીમાં રૂંધાઈને સૂસવે છે. બારીના કાચની આરપાર જવા મથતી માખીની જેમ...

# ૪

એક સામટા અસંખ્ય દીવાઓ – પણ એ બધાની જ્યોત થીજી ગયેલી. એના જેવા શબ્દો જ્યારે એ બોલતી હોય છે ત્યારે જ્વાળામુખીની જેમ ફાટી ઊઠીને એ થીજેલા પ્રકાશને એ ઓગાળી-સળગાવી મૂકવા ઇચ્છે છે, પણ ઢાંકણ ઉપરનો ભાર – શતાબ્દીઓનાં મૌનનો, શૂન્યનો, રિક્ત અવકાશનો, ઉલેચી નાખેલા સૂર્યના હાડપિંજરનો, કોઈ પિશાચિનીને આવેલા સ્વપ્નના જેવા ચન્દ્રનો ભાર એ ઢાંકણને દાબી રાખે છે. આથી એ કેવળ જોઈ રહે છે એની આંખોમાં. એની આંખો – એ કશું જોતી નથી, એ જાણે કશું જોવા માટે છે જ નહીં. એની અંદર ભૂતિયા મહેલના અંધારા ભોંયરાના જેવો પોકળ અન્ધકાર છે, ને એ અન્ધકારમાં ઊંડે ઊંડે જાણે કોઈક તર્જનીસંકેતથી તમને બોલાવી રહ્યું હોય એવું લાગે છે.

એ એની ટેવ પ્રમાણે બારી આગળ અર્ધું મોઢું ફેરવીને ઊભી છે, કદીક કદીક સહેજ ફરીને એ બેઠો છે તે દિશામાં નજર કરે છે, પણ ઓરડાના અન્ધકારમાં આ આવર્તનનો કેવળ આછો રેખામય આભાસ જ દેખાય છે. એ એને પૂછી રહી છે:

'તું તો ખાસ્સો હૃષ્ટપુષ્ટ થયો લાગે છે.'

'હા.'

'તો પછી તારા મોઢા પર સ્વાસ્થ્યની કાન્તિ કેમ નથી?'

'તેની મને શી ખબર?'

‘તું તારું મોઢું કદી જોતો નથી?’

‘ના.’

‘એ કોઈક બીજાનું મોઢું છે એમ માનીનેય જોતો નથી?’

‘ના.’

એ અકળાઈ ઊઠે છે. કેવળ ‘હા’ અને ‘ના’ની યન્ત્રવત્ પુનરુક્તિ એને મૂંઝવી નાખે છે. અહીં બોલવાને માટે તૈયાર રાખેલા શબ્દોની પોટલી એણે પોતાના ઊંડાણમાં ક્યાંક ફગાવી દીધી છે, ને હવે કેવળ એનો ભાર એને વર્તાય છે. આથી એ માત્ર સાંભળ્યે જાય છે. એના શબ્દો જાણે કેટલાંય વર્ષોની મજલ કાપીને લથડતા દોડ્યા આવે છે. એ સાંભળતાં પહેલાં એના અન્વયને એ તોડી નાખે છે, એને છૂટા છૂટા કરી નાખે છે, કારણ કે એ અન્વયને સાર્થક બનાવે એવો કશો અન્વય એનામાં તો રહ્યો નથી. ને છતાં એ જે બોલ્યે જાય છે તે સાંભળવાનું એને ગમે છે. એને સ્પર્શથી નહીં, ચક્ષુથી નહીં, પણ અવાજથી જ એણે ઓળખી છે. એના શબ્દો કેટલીક વાર દિવેલના કોડિયાના થતા તેજવર્તુળની વિશ્વસ્તતાનો અનુભવ કરાવે છે, તો કેટલીક વાર કોઈક અજાણ્યું જંગલી ફળ ખાધા પછી ‘એ ઝેરી તો નહીં હોય ને!’ એવા સંશયથી ભયભીત થઈ જઈએ તેમ એ સાંભળ્યા પછી એ ભયત્રસ્ત બનીને એ શબ્દોને જાણે પાછા ફેંકી દેવા ઇચ્છે છે. એ જૂઠું બોલતી હોય છે ત્યારે પણ.

‘કેમ, આટલું બધું મોડું થયું?’

‘આવી શકી એ જ ભગવાનનો પાડ.’

‘એમ શાથી કહે છે?’

‘મને લાગે છે કે હવે આપણે નહીં મળી શકીએ.’

‘કેમ કોઈએ મના કરી છે?’

'હા.'

'કોણે?'

એ કંઈક બોલી નાખવા જતી હતી ત્યાં એકાએક સાવધ થઈ ગઈ. દીવાસળી સળગાવીને હાથમાં રાખી હોય ને ખ્યાલ ન રહેતાં એ છેડા સુધી સળગી જઈને લગભગ દઝાડી દે ત્યારે ગભરાઈને એને નીચે ફેંકી દઈને પગથી દાબી દેતી હોય તેમ એણે એ શબ્દોને બુઝાવી નાખ્યા, તેમ છતાં દાઝી જવાનો ભાવ એના મોઢા પરથી એ તરત ભૂંસી નાખી શકી નહીં. પોતે પકડાઈ જશે એવી ભીતિથી એ સફાળી આંખો પટપટાવીને, હોઠ પર ધૂર્તતાભર્યું સ્મિત લાવીને, બીજું વાક્ય ગોઠવવા લાગી; 'બીજું કોણ મારી મા સ્તો!'

એ જૂઠું બોલતી હતી તે એને સમજાઈ ગયું. એની એને વેદના થવાને બદલે એ જૂઠા વાક્યની મધુરતા ચાખવાનો લોભ એ જતો કરી શક્યો નહીં, એટલું જ નહીં, આમ જૂઠું બોલવાનું એ લંબાવે એની ગણતરીથી એણે પૂછ્યું: 'તું તારી મા સાથે મારી ઓળખાણ કેમ નથી કરાવતી?'

'એ તને ઓળખે છે.'

'પણ હું તો એક્કેય વાર તારે ઘરે આવ્યો નથી.'

'મારી દ્વારા તને ઓળખે ને!'

'તેં મને શી રીતે ઓળખાવ્યો છે?'

વળી જાણે બોલતાં એ દાઝી ગઈ હોય તેમ હોઠે આવેલું વાક્ય એણે ચાંપી દીધું. પછી કૃત્રિમ રોષમાં ગાલ ફુલાવીને બોલી: 'જા, મારે નથી કહેવું.' એટલું બોલીને એ લુચ્ચાઈભર્યું હસી પડી. પછી બોલી: 'ધાર કે...'

એણે એનું શરૂ કરેલું વાક્ય જાણે કે એના મોઢામાંથી આંચકી લઈને આગળ લંબાવ્યું: 'ધાર કે કોઈક છે, એને હું રોજ મળું છું, રોજ એક વાર નહીં, ત્રણચાર વાર મળું છું. આથી તને મળવાનો સમય હવે કાઢી શકાય એમ નથી...'

એ જાણે ઓચિંતાની પકડાઈ ગઈ હોય તેમ ઝાંખી પડી ગઈ. થોડી વાર સુધી તો કશો પ્રતિવાદ કરવાની પણ એને સાન રહી નહીં. પછી રોષે ભરાઈને બોલી: 'તો તું મારી પાછળ જાસૂસની જેમ ફરે છે, એમ ને?'

'હું કાંઈ જાસૂસની જેમ છુપાઈને નથી ફરતો. તારી આગળ થઈને, અરે, તને લગભગ અડીને પાસેથી જાઉં છું તોય તને ખબર પડતી નથી.'

'વારુ, તારે શું કરવું છે?'

'મારે તને મુક્ત કરી દેવી છે.'

'તું મને મુક્ત કરનાર કોણ?

'તું બંધાઈ ન હોત તો થોડો સમય ચોરીને અહીં નહીં આવી હોત.'

'તેં મને પરવશ કરી દીધી છે એમ તું માને છે?'

'હું કશું માનતો નથી, જોઉં છું.'

'તો ભલે, જોયા કર...'

અન્ધકાર વડે એ દૂર રહ્યો રહ્યો એને સ્પર્શે છે. ગાઢા અન્ધકારમાં હવે એની આકૃતિનો આભાસ જ દેખાય છે, પણ દિવસના પ્રકાશમાંય એણે એના આભાસ સિવાય બીજું શું જોયું છે? એની દૃષ્ટિ જાણે મૃગજળ ફેલાવે છે. મૃગજળનું પણ કશુંક આગવું સત્ય તો હશે જ ને? એ સત્ય જે હોય તે, એ સદા મૃગજળની બહાર રહેવા મથ્યો છે, પણ એના એ પ્રયત્નમાં જ કશીક પીછેહઠ નથી રહી? ને કદાચ અણજાણપણે એ એનાથી ભાગતો રહ્યો છે, માટે જ તો એમની વચ્ચે આ મૃગજળ નથી સર્જાયું? જ્યારે તૃષા એને ખૂબ પીડે છે ત્યારે ઊંટની અંદર છૂપી પાણીની કોથળી રહી હોય છે તેવી પોતાની અંદર રહેલી કશીક કોથળીમાં રહેલા પાણીથી એણે એને તૃપ્ત કરી છે. આથી મૃગજળ એને સદી ગયું છે. એ મૃગજળની પડછે જ પોતાની વાસ્તવિકતાને સિદ્ધ કરવાની અનિવાર્યતા જાણે

એને માથે આવી પડી છે. પણ રહી રહીને એ પ્રશ્ન પૂછે છે: પોતાને સિદ્ધ કરવાનો આ પરિશ્રમ શા માટે?

# ૫

ઘરની આજુબાજુમાંના વૃક્ષપરિવારને એ ઓળખે છે: પશ્ચિમ તરફનો એ વડ, એની ડાળ પર એક વાર જોયેલો ઊડપંખ સાપ, દક્ષિણ તરફની આમલી, આંગણામાંનાં બકુલ – એની વચ્ચેનો હીંચકો હવે નથી, ને છતાં એ બકુલોની વચ્ચેના ખાલી અવકાશમાં જાણે હવા હીંચકા ખાતી દેખાય છે. એ બધું જોતો હોય છે ત્યાં ઉપરની બારીએથી કોઈ એને સાદ દઈને બોલાવે છે. ‘ઉપર આવો ને, દાદર આ તરફ છે.’

હવે એને પાછા વળી જવાનું ઠીક નહીં લાગ્યું. એ દાદર તરફ વળ્યો. દાદરના ખૂણામાં જૂનાં ફાનસોનો ઢગલો – આંધળી આંખોનો ઉકરડો – એણે જોયો. સાંજને વખતે એ બધાં ફાનસો સળગાવાતાં ને ઘરમાં તથા બહાર સૌ સૌને સ્થાને મૂકવામાં આવતાં. દિવસના વિસ્તરેલી બાળકોની દુનિયા આ દીવાઓના તેજવિસ્તારની સીમામાં રાતે પુરાઈ જતી. રાતનો નકશો હવે એટલો સ્પષ્ટ રહ્યો નથી – દિવસે રાત, ને રાતે દિવસ…

‘શું જુઓ છો?’

‘કશું નહીં.’

‘તમને કાકા બોલાવતા હતા.’

આ વાક્ય બોલતી કન્યાને એ જોઈ રહ્યો હતો. હશે વીસબાવીસની. એનામાં કશીક અસ્વસ્થતા હતી. કશુંક છુપાવીને બેઠા પછી કોઈક આવીને એ શોધી કાઢે એવી અપેક્ષાની એનામાં અધીરતા હતી. એની આંખો અહીંતહીં ઊડાઊડ કર્યા કરતી હતી.

એને જોતાં એ સહેજ ઊભો રહી ગયો. એના ભાગ્યચક્રની ત્રિજ્યા એ કન્યાની જીવનરેખાથી તો ક્યાંય દૂર નીકળી ગઈ હતી, ને તેમ છતાં, કદાચ એવું હતું તે કારણે જ, એ દૂર સરીને અસ્વસ્થતાના મધુર રૂપને જોઈ રહ્યો હતો. એને અવાક્ ઊભેલો જોઈને કન્યાને શું કરવું તે સૂઝ્યું નહીં. એ પૂછી બેઠીઃ 'તમે કોને શોધો છો?' એ પ્રશ્નને એણે મનમાં બેચાર વખત આમથી તેમ ફેરવી જોયો. એ કોને શોધતો હતો તે એને પોતાને જ સમજાયું નહીં. પોતાના મનમાં એ આ બધી ગડભાંજમાં પડ્યો હતો તે દરમ્યાન એ કન્યા કશુંક પૂછતી ગઈ, એનો એ મિતાક્ષરી જવાબ આપ્યે ગયો. એની આ અન્યમનસ્કતાનો સ્વાદ લેવાને જ એ ઘડીભર આ સ્થિતિને ટકાવી રાખવા મથવા લાગ્યો. પણ આથી એમાંથી સ્વાભાવિકતા ચાલી ગઈ. કશુંક બોલવા ખાતર એણે પ્રશ્નનો દોર પોતાના હાથમાં લીધોઃ

'તું મને ઓળખે છે?'

'હા, તમારું નામ તો સાંભળ્યું છે.'

'કોણે કહ્યું?'

'અહીં તો બધાં તમને ઓળખે છે. તમે નાના હતા ત્યારે અહીં જ હતા ને?'

'હા.'

'પછી?'

'પછી? પછી અહીં નહોતો.'

'તો ક્યાં હતા?'

'મોટાં શહેરોમાં, કોલેજોમાં – જ્યાં રખડી શકાય ત્યાં.'

'હવે રખડવાનું પૂરું થયું?'

‘કોને ખબર?’

‘તમને નથી ખબર?’

‘એ જાણવા જ તો રખડું છું.’

‘તમે તો એવો જવાબ આપો છો કે એનું કશું મોંમાથું જ હાથમાં આવતું નથી!’

‘મને જવાબ આપતાં બરાબર આવડતું જ નથી.’

‘હું પૂછું છું તેનો જવાબ આપ.’

‘મારી પાસે જવાબ સિવાય કશું લેવા જેવું જ તને નથી લાગતું, ખરું ને?’

‘વારુ, તારે શું આપવું છે?’

‘એ હું આપી ચૂક્યો હોઉં તો?’

‘કોને?’

‘કોને? તને સ્તો,બીજા કોને?’

‘તો હું કેમ જાણતી નથી?’

‘એનો જવાબ હું શી રીતે આપું?’

‘તેં આપ્યું છે તેની સાબિતી શી?’

‘તું પોતે.’

‘ચાલાકી બતાવીને વાત ઉડાવીશ નહીં. હું કહું તેનો જવાબ આપ.’

‘વારુ પૂછ.’

'તું કેમ અહીંથી ચાલ્યો જાય છે?'

'અભિમન્યુના કોઠાની વાત જાણે છે?'

'એનું શું છે?'

'જંદિગીમાં દરેકને એ અભિમન્યુકર્મ કરવાનું માથે આવે છે.'

'તો તું પણ એવું પરાક્રમ કરવા નીકળ્યો છે?'

'હા, જો પાછો વળું તો જયતિલક કરીશ ને?'

'– જો પાછો વળું તો – એમ કેમ કહે છે?'

'અભિમન્યુની વાત ભૂલી ગઈ?'

'જા, મારે એવી વાત નથી સાંભળવી.'

'તો?'

'તું જાણે છે, અભિમન્યુને તો ઉત્તરા હતી.'

'હા.'

'તારે કોઈ છે ખરી?'

'એક અભિમન્યુના અનુભવ પછી છ કોઠાનું જ જ્ઞાન ધરાવનાર કોઈને ઉત્તરા હવે વરતી નથી.'

'ઉત્તરાની વાત તું શું જાણે?'

'ઉત્તરાએ જ મને કાનમાં કહી હોય તો?'

'તારે મને સંતાપવી જ છે, એમ ને?'

'ના, સંતાપવી નથી, માટે તો જાઉં છું.'

'એવો ઉપકાર મારા પર લાદવાની કશી જરૂર નથી.'

'તેં મારા પર શું શું લાદ્યું છે તેની તને ખબર છે?'

'ના, શું?'

'હું નહીં કહું.'

'વળી જીદ પકડી ને?'

'તો શું તારો હાથ પકડું?'

કન્યા એને આશ્ચર્યથી જોઈ રહી. પછીઃ 'નહીં આવડતું હોય તો શીખી લો ને!' કન્યાની અકૈતવ ધૃષ્ટતા એને હૃદ્ય લાગી. એ હસીને બોલ્યોઃ 'ચાલો શરૂ કરીએ.'

સ્ત્રીસહજ દક્ષતાથી એ આ ક્રીડામાં રસ લેવા લાગી. એ ધીમે ધીમે અન્યમનસ્ક બનીને દૂર સરી ગયો. પણ દૂર સરીને એ ક્યાં જઈ શકે એમ હતું? આ ઘર – એમાં બાર વર્ષો પહેલાંના એના અથડાતા ફરતા અવાજનાં પ્રેત – એને એ આજે ઓળખી શકે ખરો? એને પોતાની અંદર કશીક અપારદર્શકતાનો સીસાના જેવો ભાર વર્તાતો હતો. એ ભારમાં અત્યાર સુધીની બધી વદાય, બધાં મૌન, બધાં શૂન્યનો પૂરો સરવાળો હતો. એ ભાર જ એને પુષ્ટ કરતો હતો. એનાથી જ એ દૃઢ પગલે ચાલી શકતો હતો. પણ ચાલીને એ ક્યાં જતો હતો?... ભૂરો ઘોડો કૂદીકૂદીને ઊછળે છે, એને મોઢે ફીણ વળે છે, એ ફીણને ચાટવા સાપ જીભ બહાર કાઢે છે...

# ૬

અસબાબની વચ્ચે અસબાબ જેવા બનીને કાકા બેઠા છે, એ ઓરડીમાં પ્રવેશે છે કે તરત જ એના તરફ એમની દૃષ્ટિ મંડાય છે. ટેલિસ્કોપને ઊંચે છેડેથી જોતો હોય તેમ બધી વસ્તુના પરિણામને એઓ હ્રસ્વ કરી નાખે છે, ફાઇલિંગ કૅબિનેટની જેમ જીવવાનું જ એમને આવડ્યું છે. એમનાં મૂલ્યોનાં કોષ્ટકમાં જે નથી ગોઠવાયા તેમને માટે એમણે કશું સ્થાન રાખ્યું નથી. એ કશું સ્થાન પામવા આવ્યો નથી. એમની દૃષ્ટિ એને રબરની જેમ ભૂંસી નાખે છે. એઓ એને સંબોધીને બોલતા હોય છે ત્યારે પણ એ સ્વગતોક્તિ જ હોય છે. એમની આજુબાજુનો સંસાર એમણે લેબલ લગાડીને ઓળખી લીધો છે. પણ એમની બાજુના જ ઓરડામાં એમની બાવીસ વરસની કન્યા પ્રણયના પ્રથમ સાહસને માટે તત્પર થઈને અસ્થિર હાથે પત્રના આરમ્ભના સમ્બોધનને ઘૂંટે છે. એના શબ્દોને એક વિશાળ આકાશ, એક ગાંડાતૂર સમુદ્ર, એક રાત્રિ ભરીને નિ:સ્તબ્ધતા ને એક પાતાળ ભરીને ગૂઢતાનો ખપ છે. એ આ વિચારે છે ને એ કન્યાને એ શબ્દો શોધી આપવાનું એને મન થાય છે. ઘણી વાર એણે પોતેય એવા શબ્દોને ક્યાં નથી શોધ્યા? ને છતાં....

‘કેમ, એકલી આવી?’

‘એવી જ ‘એ’ની ઇચ્છા હતી. તું તારા મિત્રને ક્યાં નથી ઓળખતો?’

‘મેં એને કે તને ઓળખવાનો દાવો ક્યારેય કર્યો નથી, છતાં મને થોડું થોડું સમજાય છે.’

‘શું?’

‘તને એ વિશે શા માટે કુતૂહલ હોવું જોઈએ?’

‘હું એવી નિઃસ્પૃહી નથી, મેં સંન્યાસ લીધો નથી.’

‘હું જે સમજું છું તે તારી સમજથી વિરુદ્ધનું હોય તો?’

‘અનુકૂળ અને પ્રતિકૂળ – આ સંજ્ઞાઓના વ્યવહારની જે ભૂમિકા છે તેનાથી તું એટલો તો દૂર નીકળી ગયો છે કે એવી કશી ચિન્તાનો મારે માટે કશો અર્થ જ નથી રહ્યો.

‘મારે વિશે તું મારાથીય વિશેષ જાણતી લાગે છે.’

‘યાદ છે? તેં એક વાર કહેલું કે આપણે આપણને પોતાને જો અવકાશની બહાર નીકળી જઈને જોઈ શકીએ તો અસીમ દૂરતાની એ નીલિમામાં આપણાં બે ટપકાંને જુદાં પારખી શકીએ ખરાં?’

‘કોણ કોનાથી દૂર છે?’

‘અ થી દૂર બ છે તેના કરતાં થી બ અ વધારે દૂર છે.’

‘એ તારી ભૂમિતિમાં બનતું હશે.’

‘પણ આ દૂરતાનું સાચું માપ કાઢવા અ અને બ સિવાયનું એક ત્રીજું બિન્દુ ક પણ હોવું ઘટે.’

‘એ ત્રણ બિન્દુનો ત્રણ ખૂણાવાળો ત્રિકોણ જ બને એવું શા માટે?’

‘ના, એવી કશી અનિવાર્યતા નથી, એક જ દિશામાં દોડી જતી ત્રણ સમાન્તર રેખાઓ પણ બની શકે.’

‘સમાન્તર રેખાઓ – જે કેવળ મળે છે અનન્તમાં.’

‘એ અનન્તને આપણે પાસે ખેંચી લાવી શકીએ.’

'તો પછી એ અનન્ત રહે ખરું?'

'તો બીજી રીતે કહું: આપણે એ અનન્ત સુધી વિસ્તરી જઈએ.'

'એ વિસ્તારમાં અ બ ક નથી રહેતા, રહે છે કેવળ શૂન્ય. જ્યાં બધું જ બધાં જોડે મળી જાય છે ત્યાં કશું રહેતું નથી.'

'અનન્તમાં એવો લોભ ન પાલવે.'

'આપણે બે પ્રેમીઓની જેમ વાત નથી કરતાં!'

'વારુ, પ્રયત્ન કરીએ?'

'તેં કોઈ દિવસ કોઈ જોડે એવી વાત કરી છે ખરી?'

'તને પ્રેમથીય વિશેષ મજા ઊલટતપાસમાં આવે છે, ખરું ને?'

'કોઈક શબ્દોનો ઉપયોગ નજીક આવવા માટે કરે છે, તું શબ્દોનો ઉપયોગ દૂરતા ઊભી કરવા માટે કરે છે. તારામાં પ્રાચુર્ય છે, પણ તે અનુપસ્થિતિનું, અભાવનું.'

'આનેય કોઈ પ્રેમાલાપ ભાગ્યે જ કહેશે.'

'મારી ભૂલ થઈ. હં, ચાલો, શરૂ કરીએ.'

'તું એકલી કેમ આવી તે કહું?'

'એકાએક એ તને ક્યાંથી સૂઝી આવ્યું?'

'એકાએક સૂઝી આવ્યું નથી. હું એ કહેવા જતો હતો ત્યાં વિષયાન્તર થઈ ગયું.'

'વારુ, 'એ' કેમ મારી સાથે નથી આવ્યો?'

‘એ’ જાણે છે કે તારું પૂરેપૂરું રૂપ પ્રકટ કરવામાં, એક રાસાયણિક દ્રવ્ય લેખેય, મારો ખપ છે.’

‘હં, પછી?’

‘તારો જે અંશ કેવળ મારી ઉપસ્થિતિમાં જ પ્રકટ થાય છે તેના પર એને અધિકાર મેળવવો છે.’

‘આમાં તારો અહંકાર તો નથી પોષાતો ને?’

‘ને ‘એ’ની ઈર્ષ્યા?’

‘તારે મારા પર કશો અધિકાર નથી સ્થાપવો?’

‘એમ વાત ઉડાવવાની કશી જરૂર નથી.’

‘ભલે, એ ઈર્ષ્યાનું શું?’

‘ઈર્ષ્યાના ઝબકારામાં જ તારા નહીં અજવાળાયેલા ખૂણા એની આગળ પ્રકટ થાય છે. આથી જ તો એ આપણને બંનેને એકમાં…’

‘ભાવવાચક નામથી સંસાર વસતો નથી. શબ્દો, શબ્દો, શબ્દો. લોહીમાંસની ઘડેલી કોઈ વ્યક્તિને તેં આંખો ખોલીને જોઈ છે ખરી?’

‘કોણ છે એ? એ એને મન શું છે તે હું નથી જાણતો, હું એને મન શું હોઈશ તે કોને ખબર! ને મારે મન હું શું છું તેની એને શી ખબર? રેખા નથી, કેવળ બિન્દુઓ જ છે, ને સંસાર બિન્દુવત્ છે એમ કહું તો?’

‘તો તારા નામ આગળ શ્રી શ્રી 108 મૂકવાનું જ બાકી રહે.’

‘કેટલીક વાર રોષ પ્રેમનું છદ્મરૂપ હોય છે.’

‘દાખલા તરીકે?’

‘હું પંતુજીપણું નથી કરી જાણતો.’

‘આ રોષ શેનું છદ્મ રૂપ છે?’

‘તારે સાંભળવું છે? કહું છું: અંધારા ઓરડામાં તે દિવસે હું બેઠો હતો. તને એની ખબર હતી. છતાં જાણે હું કશું જાણતી નથી એમ માનીને અંદર આવી, અજાણતાં અથડાઈ પડી હોય તેમ તું હળવી શી ચીસ પાડીને ઊભી રહી ગઈ…’

‘બાકીનું હું પૂરું કરું? મારા હાથ તને વીંટળાઈ વળ્યા…’

‘ના, ખોટું. પેલી સુપ્તોત્થિતા રાજકુંવરીની જેમ તું આળસ મરડીને બેઠી થઈ. દરેક સ્ત્રી – સ્ત્રી નહીં કહું, દરેક કુંવરી, દરેક કન્યા એના ઇચ્છેલા પુરુષને પામતી નથી ત્યાં સુધી નિદ્રામાં જ હોય છે. એ પુરુષનો સ્પર્શ થતાં જ એ જાગે છે.’

‘વારુ, હું આળસ મરડીને બેઠી થઈ, પછી?’

‘પછી પેલી રાજકુંવરીએ જે કર્યું તે તેં ન કર્યું. તું મને વળગી પડી તે મને પામવા નહીં, પણ મારા વડે ઘડીભર તારી જાતને તારી આગળ પ્રમાણિત કરવા. એ પ્રયત્નનો સ્વાદ જ તને ઇષ્ટ હતો.’

‘શબ્દો, શબ્દો, શબ્દો…’

‘હા, શબ્દો રચવા એમાં તો કશી નાનમ નથી! ઊંડી સુરંગ જેવા શબ્દો રચીને હું તને એની અંદર સંતાડવા મથ્યો છું, તો કેટલીક વાર એ શબ્દોના અન્તરાયની સામે પાર દૂર દૂર તને કેવલ અર્ધવિરામની જેમ મૂકીને હું માંડ બચી શક્યો છું. તારો હાથ પકડીને બાળપણમાં મેં જે બારાખડી ઘુંટાવેલી તેમાંના સ્વરવ્યંજન આજે આપણે એકઠા કરી શકતા નથી. બે શબ્દોને, બે અક્ષરોને ભેગા કરવા જાઉં છું ત્યાં કશુંક બોમ્બની જેમ ફાટે છે, પ્રચણ્ડ જ્વાળામાં અમળાઈને તૂટી પડતાં હિરોશીમા નાગાસાકીની જેમ અક્ષરેઅક્ષર

રાખ થઈને ઊડે છે. તારી મજ્જાને એ કોરી ખાશે તો તું શું કરીશ? કયું કવચ પહેરીને તારી જાતને બચાવીશ?'

'મારી પાસે એક જ કવચ છે. મારા પ્રત્યેની તારી પ્રથમ મુગ્ધ દૃષ્ટિનું.'

'હવે મારે કહેવાનો વારો આવ્યો: શબ્દો, શબ્દો...'

'મારો પડઘો પાડવા સિવાય તને આવડ્યું છે બીજું કશું?'

# ૭

અંધારું થાય છે ત્યારે એ કોઈ ભીરુ પ્રાણીની જેમ દરમાં ભરાઈ જવા ઇચ્છે છે. અંધારું વીંટાળવાને માટે જાણે કોઈક એને કોકડાની જેમ વાપરે છે. આવે વખતે એ એકલો રહેવા નથી ઇચ્છતો. એકલવાયાપણું તેજાબની તીવ્ર દાહકતાથી ત્યારે એને બાળે છે. એથી એની ઉપરનાં બાર વર્ષોનાં અબરખનાં પડ ઓગળી જતાં લાગે છે ને એની સાચી ઓળખાણ આપતી એના પર આંકેલી લિપિના અક્ષર છતા થઈ જશે એવી એને ભીતિ લાગે છે. આથી એ દર શોધતો ફરે છે, ભીડ વચ્ચે ખોવાઈ જાય છે, રસ્તા પરના દીવાને ગણવા નીકળી પડે છે, કોઈકનો પીછો પકડીને એની પાછળ વિના કારણે ઘસડાતો જાય છે, અથવા તો કોઈ રેસ્ટોરાંની કૃત્રિમતાને તળિયે ડૂબકી મારી જાય છે…

…બહાર નિયોનલાઇટનાં સાપોલિયાંનો સળવળાટ, અંદર ધૂર્ત માણસની દૃષ્ટિના જેવા ખંધા દીવા, સિગારેટના ધુમાડાનું તરવરતું આચ્છાદન, રેસ્ટોરાંના અર્ધા ખાલી અવકાશમાં સૂની નજર નાખીને ઇશ્કી ગાણું નખરાં સાથે ગાતી યૂરેઝિયન યુવતી, દીવાલ પર સમયના હાડપિંજર જેવું ઘડિયાળ, હિંસક પક્ષીની તરાપ મારવા તૈયાર ચાંચના જેવા એના બે કાંટા, ખૂણાઓમાંનો રહસ્યભર્યો અન્ધકાર, ને અન્ધકારમાંથી ઊપસી આવતો આકૃતિઓનો આછો આભાસ – એ જાણે નરી રૂપરેખા છે, એમાં એ ધારે તે વીગતો પૂરી શકે છે, મનમાં આવે ત્યારે એ બધું ભૂંસી નાખી શકે છે; ને તેથી જ તો એનાથી બીજે છેડેની બેઠક પર મીટ માંડીને એ બેઠો છે. સૌથી પહેલાં એક હાથની રૂપરેખા એ જુએ છે, એક આંગળી પરની વીંટીનો હીરો ચળકે છે, આંગળીઓ થોડી વાર સુધી ધોળા ટેબલક્લોથ પર કોઈ ચાલ્યા ગયેલા પંખીનાં પગલાંની જેમ પડી રહી

છે; પછી એકાએક જાણે એનામાં જીવ આવે છે, એ બધી આંધળી હોય તેમ એકબીજાને શોધે છે ને પછી જાણે એમની વચ્ચે ધીમો વાર્તાલાપ શરૂ થાય છે. એ કાન સરવા કરીને એને સાંભળવા મથે છે. એ પાંચેય આગળીઓ એના પર એક દૃઢ છાપ મૂકી જાય છે: એ આંગળીઓ કશું યાદ રાખવા માગતી નથી, પોતાની વચ્ચેના પોલાણમાંથી એ બધું સરી જવા દે છે, કોઈની દૃઢ પકડનો ઉઝરડો એના પર પડ્યો નથી કે પછી કશું એનાથી દૃઢતાથી પકડી શકાયું નથી? જે એની પકડમાંથી સરી ગયું છે તેની પાછળ રહી ગયેલો રિક્ત અવકાશ જ એ સાચવી રાખવા મથે છે? એ રિક્તતાના ખજાના ઉપર બેઠેલા નાગના મણિ જેવો પેલો હીરો ચળકી રહ્યો છે?

એ હાથ હોઠ તરફ વળે છે ને એની નજર પણ હોઠ તરફ વળે છે. શબ્દો ઉચ્ચાર્યા પછી થોડી વધુ વાર સુધી છેલ્લો અક્ષર બોલતાં જે આકાર થયો હોય તેને સાચવી રાખવાની એ હોઠોને ટેવ છે. આથી દૂરથી એ એના 'ઓહો' બોલીને સાંકડા વર્તુળાકારને પામેલા હોઠને જોઈ રહે છે. એ વર્તુળની અંદર એણે જાણે થોડા તોફાની શબ્દોને ગોંધી રાખ્યા છે, ડોકિયું કરતાં એ શબ્દો અલપઝલપ દેખાઈ જાય છે. પાણી પીવાને એ ગ્લાસ ઊંચું કરે છે, પીવાની અપેક્ષામાં એના હોઠો નવી મુદ્રા ધારણ કરે છે. એ જાણે પાણી પીવા નથી જતી પણ ચુમ્બન કરવા તત્પર બની હોય એવું લાગે છે. એની ઉષ્ણ ઉચ્છ્વાસભરી કામુકતા સાન્દ્ર નિબિડ સ્પર્શને ઝંખે છે. ને એની નજર આંખો તરફ વળે છે. વિદ્યાર્થીના આલ્બમની અંદર ટાંકણીથી વીંધીને જડી દીધેલા પતંગિયાની કરુણતા એનામાં છે. એની પાંપણો ઢળેલી જ રહે છે, સહેજેય ફરકતી નથી. ખીલું ખીલું થતી પોયણીની પાંખડીની જેમ એ જાણે કશાક નવા ચન્દ્રોદયને ઝંખી રહી છે. એકાએક એનો હાથ ઊંચો થઈને એની ગરદન પરની રુવાંટી તરફ વળે છે. એ વળેલા હાથની વચ્ચેના પોલાણમાં નહીં થઈ શકેલા આલંગિનોનું ઇંગિત છે. થોડી વાર સુધી હાથ એ ને એ સ્થિતિમાં રહે છે, પછી એ વક્ષ:સ્થળ પરની માળાના મણકાને ગણવાનો જાણે આદેશ થયો હોય તેમ એ તરફ વળે છે. ડાબી તરફના સુપુષ્ટ સ્તનના ગોલાર્ધની ઉપર થઈ ને સાડીની કોર વિષુવવૃત્તની જેમ દોડી જાય છે. એ સુપુષ્ટતામાં કશીક ભંગુરતા રહેલી છે, સ્પર્શ થતાંની સાથે જ એ કણકણ થઈને વિખેરાઈ જાય એવું એમાં કશુંક રહ્યું છે.

એ બેઠી છે પણ એના પગ અસ્વસ્થ બનીને ક્યાંક ચાલી નીકળવાને તત્પર બન્યા છે.

એની પાંપણ ઢળેલી આંખો અને આ પગને જાણે કશો સમ્બન્ધ જ નથી. આ વિસંવાદમાં જ કદાચ એના આકર્ષણનું ને એને જોતાં થતા વિષાદનું કારણ રહેલું છે. ઊંડા કૂવામાં નાખેલા કાંકરાથી થતા તરંગો જેમ સાંકડા વર્તુળને કારણે અથડાઈને પાછા ફરે તેમ એના દેહમાં અવરુદ્ધ જીવનપ્રવાહના તરંગો પળે પળે અથડાઈને પાછા ફરતા હોય એવું એના અંગવિન્યાસને જોતાં લાગે છે.

આ અવરુદ્ધ દશામાંથી મુક્ત થવા કે અસ્થિર-અધીર ચરણોની ભ્રમણોત્સુકતાને વશ થઈને એ ઊભી થઈ. આજુબાજુના રહસ્યમય અન્ધકાર પાસેથી પોતાની લુપ્ત રેખાઓને જાણે પાછી લઈ લીધી અને સાથે સાથે પોતાની થોડી ગૂઢતા એને થાપણ રૂપે રાખવાને સોંપી પણ દીધી, અને એણે ડગલાં ભર્યા. એને ચાલતી જોઈ ત્યારે એને લાગ્યું કે એણે શરીર પર પહેરેલાં વસ્ત્ર તૂટી ગયેલો નખ આંગળીએ વળગી રહે તેમ એને વળગી રહ્યાં હતાં. એ વસ્ત્ર જાણે એણે પહેર્યાં નહોતાં, પણ ચાલતાંચાલતાં ક્યાંકથી ઝાંખરાંની જેમ એને બાઝી ગયાં હતાં. આથી એ ચાલતી હતી ત્યારે એમાં વસ્ત્રને કારણે ઊભો થતો અન્તરાય જ ખાસ ધ્યાન ખેંચતો હતો.

કાઉન્ટર પરની ફૂલદાનીમાંના કેનિયાની પાંખડીને એ એની આંગળીનાં ટેરવાથી થોડી વાર સુધી રમાડતી રહી, પછી પાસેના ઘડિયાળ તરફ એણે જોયું ને ફરી એક વાર પોતે બેઠી હતી તે ખૂણાંમાં એક દૃષ્ટિપાત કરીને એણે બહાર નીકળવાને બારણું ખોલ્યું. અર્ધું બારણું ખોલતાં બહારના નિયોન દીવાના રંગબેરંગી લિસોટાઓની ઝાંય એના પર રમવા લાગી. આથી એનામાં એક પ્રકારની અપાથિર્વતા દેખાઈ. એકાએક કશીક અધીરાઈ અનુભવતો એ ઊઠ્યો. એ દૃષ્ટિમર્યાદાની બહાર નીકળી જાય તે પહેલાં એને પકડી પાડવાને એ બહાર આવ્યો. દસેક ડગલાં જેટલે છેટે એ એની આગળ ચાલતી હતી. એના ચાલવાથી થતાં ગતિનાં આવર્તનોનું કેન્દ્ર ક્યાં રહ્યું છે તે એ શોધવા લાગ્યો. પણ એ આવર્તનોનાં વિસ્તરતાં જતાં વર્તુળોની વચ્ચે એ પોતે જ ઘેરાઈ ગયો. એમાં ઘૂમરી ખાતાં એ જાણે જન્મ પછી જન્મનાં પડ વીંધતો નીચે ને નીચે ઊતરવા લાગ્યો. બર્બરતા પર ચઢાવેલાં આચ્છાદનો એક પછી એક ઉશેટાતાં ગયાં. એક આદિમ જલદ ક્ષુધા એને પીડા રહી, ઉશ્કેરી રહી.

એને થયું: આ અવસ્થા ટકી રહે તો સારું. ઘણી વાર આવી પરિસ્થિતિમાં એ હોય ત્યારે,

એ દરમિયાન જ, એની પછીની આવનારી પળનો પડછાયો વર્તમાનની એ ક્ષણને ઢાંકી દેતો. વળી એ જ નીરસતા, ક્ષણ પછી ક્ષણના સર્યે જતા મણકા, ને એનો એકધારો કર્કશ અવાજ. આથી આ વખતે એ કેવળ એક જ ક્ષણને એકસાથે જોવા ઇચ્છતો હતો. એક ક્ષણ સાથે બીજી ક્ષણને સાંધીને કશું અખણ્ડ રચવાની એને સ્પૃહા નહોતી. કદાચ એવા કશા અખણ્ડનો ભાર ઉપાડે એવું એનું કાઠું પણ રહ્યું નહોતું. આથી એની આગળ ચાલી જતી આકૃતિને એ આકૃતિરૂપે જોતો નો'તો, કેવળ વિશૃંખલ રેખાઓ રૂપે જોતો હતો. જે જોતો હતો તેને અખણ્ડ બનાવવા માટે એમાં પોતાની સળંગ ચેતનાને એ અનુસ્યૂત કરતો નો'તો. ને છતાં, પોતે જે કરી રહ્યો હતો તેનો સળંગ ચિતાર તો એ જોતો જ જતો હતો. ક્ષુધાની તીક્ષ્ણતા એને છેદીને ખણ્ડખણ્ડ કરી નાખતી હતી. છિન્ન થવાના આ સુખને, એમાં રહેલી હળવાશને એ અનુભવી રહ્યો હતો.

ઘડીભર એ પેલી આકૃતિને ખોઈ બેઠો. શેરીની ગલીકૂંચીના કાટખૂણામાં લપાઈ રહેલા અન્ધકારના કોઈક પડદા પાછળ એ એકાએક સરી ગઈ હશે એમ એને લાગ્યું. એણે શોધ ચાલુ રાખી. એ પહેલી જ ગલીમાં વળ્યો. અન્ધકારથી એની આંખ ટેવાઈ ગઈ, ને એણે જોયું તો એનાથી થોડેક જ છેટે તર્જનીસંકેત કરીને એ એને બોલાવી રહી હતી. એ તર્જની જાણે ભૂતકાળની કોઈક વણઉકેલાયેલી લિપિમાંના ખૂટતા સંકેત જેવી હતી. એ સંકેત પારખીને એ આગળ વધ્યો. નજીક જતાં એની આંગળીઓ પોતાની આંગળી સાથે ગુંથાઈ ગઈ. અનેક વાર ખોદવા છતાં જેની જડ પૂરી નીકળે નહીં એવા ઘાસની જડ જેવી એની પકડ હતી. એ પકડ વચ્ચે એણે પોતાની આંગળીઓને ઓગળી જવા દીધી. ઉમ્બર વટાવીને એ અંદર પ્રવેશી. અંદર અંધારું હતું. એણે એક ટેબલલૅમ્પ સળગાવ્યો. એના આછા આભાસની ઓથે એ આકૃતિનું રહસ્ય સંગોપાઈ રહ્યું. એ જોવા લાગ્યો. એ હડપચીનો ઢાળ – એ જાણે સરતાં આંસુ માટે નહોતો; એ ગોળ ખભા – એના પર વિષના ભારથી ઝૂકેલા કોઈ મસ્તકનો દાબ નહોતો, એ નીચી ઢળેલી આંખો – એમાં થઈને એની પેલી પાર કોઈ ગયું હોય એનો એમાં અણસાર નો'તો, એ હથેળીની માંસલ ગાદી – કોઈને મરણિયા બનીને બાઝી પડ્યાનો એમાં સ્પર્શ નો'તો.

આછા અન્ધકારમાં એણે જોયું તો અન્ધકારનુ આચ્છાદન પણ જાણે એ પોતાના અંગ પરથી અળગું કરી રહી હતી. નદીનાં ઝાંખરાંથી છવાયેલા કાંઠાની વચ્ચે ક્યાંક થોડી

સાફ જગ્યા દેખાય તેના જેવી એ ચારે બાજુની અસ્તવ્યસ્તતા વચ્ચે દેખાતી હતી. એકાએક એને કશીક ભીતિનો અનુભવ થયો. ક્ષુધા પોતે જ એને ગળી જવા માટે જીભ પ્રસારતી હોય એવું એને લાગ્યું. બહાર નીકળીને લોકોનાં ટોળાં વચ્ચે અટવાઈ જવાનીય એનામાં હિંમત નહોતી રહી. આથી એ પેલા તર્જનીસંકેતને અનુસર્યો. પેટેચાલતા સાપની જેમ લપાઈને એ સરવા લાગ્યો. દૂરથી ઝગઝગી રહેલો એની આંગળીની વીંટી પરનો હીરો એની દૃષ્ટિને જાણે મન્ત્રથી બાંધી લઈને એને દોરી રહ્યો હતો. કોઈ એના પર એકાએક ત્રાટકી નહીં પડે એની કાળજી રાખતો એ પાણીના રેલાની જેમ સરીને આગળ વધવા લાગ્યો. ગાઢ અરણ્યની વચ્ચે, હિંસક પશુઓની તગતગતી આંખોથી ભાગતો એ ક્યાંક કોઈ દર શોધીને એના ઊંડાણમાં લપાઈ જવાનું ઇચ્છવા લાગ્યો. ત્યાં બે હાથ એને વીંટળાઈ વળ્યા ને એ કોઈક દરમાં ઊંડે ને ઊંડે ઊતરી ગયો.

# ૮

એનાં ચરણ ચાલતાં ચાલતાં થાક્યાં નહોતાં. ચરણ ચાલતાં થંભી જાય તો ક્યાંક એને વિસામો લેવો પડે, ને વિસામો લેવા જતાં ક્યાંકથી થોડી માયા, એકાદબે શબ્દ, ઘડીક સ્થિર થઈને ઊડી ગયેલી કોઈકની દૃષ્ટિ – આ બધું એને ઘેરી વળે એની એને ભીતિ હતી. વહેતા પ્રવાહ પર તો કોઈ પંખી માળો બાંધતું નથી! આથી એ વહ્યે જતો હતો, પોતાના પ્રવાહ પર એ કશાં પ્રતિબિમ્બ ઝીલતો નહોતો. ક્યાંક ક્યારેક એકાદ નીચી નમેલી શાખાનો સ્પર્શ એને અનુનય કરતો. પણ એથી એણે પોતાની ગતિ કદી થંભાવી દીધી નહોતી. આથી અન્ધકારનું પાતળું પડ દૃષ્ટિને ઝાંખી કરી નાખતું હતું તોય એ ચરણને વશ થઈને ચાલ્યો જતો હતો.

નાનું શું ઘાસતેલનું ટમટમિયું, એના ઝાંખા અજવાળામાં દેખાતી બ્રુકબોન્ડ ચા પીતી સુંદરી, એની જ બાજુમાં લક્સ સાબુ વાપર્યાનો આનન્દ પ્રકટ કરતી અભિનેત્રી, નીચેના અડધિયા ડબ્બાઓમાં લાંગની દાળ, મસૂર, ગોળનાં ચીકણાં ચોસલાં – ને આ બધાંની વચ્ચે બેઠેલો આધેડ વયનો દુકાનનો માલિક. ઘડીભર આ ચિત્રની વીગત એણે જોયા કરી. પછીથી બહાર નાખેલી પાટલી પર એ બેઠો. ધમણથી ફુંકાતી ભઠ્ઠીમાંથી ઊડતા તણખાને એ હોલવાઈ જતા જોઈ રહ્યો. એણે દૂર નજર કરી. પશ્ચિમમાં નદીની રેખાનો આછો આભાસ હતો. સારસનાં જોડાં ઊડીઊડીને ચાલી જતાં હતાં. આથમતા સૂર્યની લાલ આભા નદીના પ્રવાહે ઝીલી લીધી હતી. એનું મન નદી કાંઠે દોડી જવાને ઉત્સુક બની ઊઠ્યું.નદીના જળમાં પગ પખાળીને બેસવું, પાણીમાં છબછબિયાં કરવાં, ને સામે કાંઠે સરી જતી હોડીમાંના માછીમારના ગીતના આ તરફ સરી આવતા પ્રલમ્બ સૂરને

કાંઠાની નિર્જનતાના પાત્રમાં ઝિલાઈ રહેતા જોવા – આ બધું એને ગમતું હતું. પણ અન્ધકારમાં નદી એને ગમતી નહોતી. અન્ધકારનાં છેદાયેલાં ગાત્ર જેવી એ ત્યારે લાગતી. ચાંદનીમાં નદીના રેતાળ પટ પર નિરર્થક ભમ્યા કરવાનો એને કેફ ચઢતો.

‘તને તો જાણે આ ચાંદનીનો કેફ ચઢ્યો હોય એવું લાગે છે!’

‘ને તને? તું તો ભારે સ્વસ્થ, જોખીમાપીને ડગલું ભરનારી, ખરું ને?’

‘સ્ત્રીને કેફ ન પરવડે.’

‘મન કોઈક વાર એમ થઈ આવે છે કે તારી આ સ્વસ્થતાના કિલ્લાના કોટકાંગરા તોડી નાખું!’

‘હં, પછી?’

‘પછી શું?’

‘એ પરાક્રમ કેમ આજ સુધી આચરી શકાયું નથી?’

‘તું રક્ષાકવચ પહેરીને બેઠી છે ને!’

‘ખોટી વાત.’

‘તો સાચી વાત શી છે? કહે જોઉં?’

‘કિલ્લામાં પ્રવેશ કરતાં ખાઈ ઓળંગવી પડે, ને એ ખાઈ પાણીથી ભરેલી હોય એ તને ખબર છે ને?’

‘હા, તેનું શું?’

‘મારા સ્વસ્થતાના કિલ્લાની ચારે બાજુ આંસુની ખીણ છે. એ ઓળંગવાનું તારામાં સાહસ છે ખરું?’

આંસુની ક્ષીણ ધારના જેવી નદીના ઝાંખા બનતા જતા પ્રવાહને એ જોઈ રહ્યો. આંસુની બિલોરી અર્ધપારદર્શકતા આગળ એ હંમેશાં હાર્યો છે. ગાલ પર ટપકતાં આંસુની લિપિમાં એણે હંમેશાં પોતાની હદપારીના સંકેતને વાંચ્યો છે. આથી એ હદ ઓળંગતો ભટકે છે, પણ હદપારીના શાપને એ ભૂંસી નાખી શકતો નથી.

એ અન્યમનસ્ક બનીને ચા ગટગટાવવા લાગ્યો. ચાને ધુમાડાનો પાસ બેઠો હતો, એનો સ્વાદ જુદો પાડીને એ જોવા લાગ્યો. એ સ્વાદ સાથે બાળપણની કેટલી સ્મૃતિઓ સંકળાયેલી હતી! સ્મૃતિની શૃંખલા તોડવા એ ઘણું મથ્યો હતો. પણ કેટકેટલી રીતે એનાં જાળાં એની આજુબાજુ વીંટાયે જતાં હતાં. ઘણી વાર વર્તમાનનું સંવેદન ભૂતકાળની સ્મૃતિથી એવું તો ઢંકાઈ જતું કે એ વર્તમાન સાથે એનો સંયોગ જ થતો નહીં. આવી તિરસ્કૃત વર્તમાનની ક્ષણો વળી, એનાથી અણજાણપણે, સ્મૃતિમાં સંચિત થયે જતી હતી. આથી ઘણી વાર એ પોતાને પણ વર્તમાનમાંથી હદપાર થયેલો અનુભવતો હતો.

હવે અંધારું ગાઢું થયું હતું. નદીના અસ્ખલિત વહ્યે જવાનો આછો શો એકધારો અવાજ એ સાંભળી રહ્યો હતો. એનાં ચરણ સ્થિર થયાં તેની સાથે એનું હૃદય ઉદ્વેલિત થઈ ઊઠ્યું. એક પછી એક ઘટના જાગીને ઊઠવા લાગી – ઘણી વાર એવી કે જેને નદીના સુવિસ્તૃત પટ પર કોઈક જોડે ચાલતાં ચાલતાં નિરાંતે ઉકેલી શકાય; કેટલીક એવી જેને ઘરના કોઈ નિભૃત ખૂણે ઘણાં બધાં મૌન વચ્ચે સંગોપીને ધીમે રહીને બીજાનાં હૃદયમાં સરકાવી દેવાય, ઘણી વાર એવી કે જેને કાઢતાં ઊંડે જ, કાંટાની જેમ ઊતરતી જાય.

એણે દુકાનના માલિક સાથે વાતો કરવાનો પ્રયત્ન કર્યો. અહીં દેખાતા ચહેરાઓ પૈકીનો એકાદ ચહેરો આજ રાત પૂરતો લઈને એ શું અહીં રાતવાસો નહીં કરી શકે? રાતની સાથે આશ્રય–રાત પોતે જ કેટલી બધી વસ્તુ સામે આશ્રય આપે છે?

‘કેમ ગભરાય છે?’

‘કોણે કહ્યું કે ગભરાઉં છું.’

‘લાવ જોઉં તારો હાથ.’

‘એમ સહેજ સહેજમાં કોઈ સ્ત્રી બીજાને પોતાનો હાથ નહીં આપે.’

‘સ્ત્રી સાથેના વર્તન વિષેના નિયમો તેં ઠીક ગોખી રાખ્યા લાગે છે, નહિ?’

‘ચાલ, હવે પાછા વળીએ.’

‘કોઈક વાર તારી પાછા વળવાની દિશાને જ સાવ બંધ કરી દેવાનું મન થાય છે.’

‘તો કેમ બંધ કરી દેતો નથી?’

‘એ કાંઈ તને પહેલેથી કહીને નહીં કરું. હં, બોલ તું કેમ ગભરાય છે? તને મારો ભય લાગે છે?’

‘તારો ભય? હમણાં એક મંત્ર ભણીને ફૂંક મારું ને તો તું આ...મ ઊડી જાય.’

‘ઓહો, તો માર જોઉં ફૂંક.’

‘ના રે, પછી તું બહુ બહુ દૂર ઊડી જાય તો પાછો નીચે કોણ ઉતારે?’

‘તો તને શેની બીક લાગે છે?’

‘એ જાણતી હોત તો ભયનું કારણ જ ન રહ્યું હોત ને, મૂરખ!’

‘આ બે લુચ્ચી આંખોમાં આવું કેટલું જૂઠાણું તે ઠાંસી ઠાંસીને ભર્યું છે વારુ?’

‘વારુ, સતવાદી તને રાતે ભય લાગે છે ખરો?’

‘હા, મને તારો ભય લાગે છે.’

‘મારો? મારે માથે શિંગડાં છે, મને શું દંતશૂળ છે, લાંબા લાંબા નખ છે – મારાથી ભય પામે છે?

‘હા, એકાદ શબ્દ, અણજાણપણે થતો એકાદ સ્પર્શ, શબ્દમાં એકાએક બાઝી જતી

ખખરી, આંખને ફેરવી લેવામાં થયેલો એકાદ ક્ષણનો વિલમ્બ – આથી મારું હૃદય ફફડી ઊઠે છે.'

'તો મારાથી દૂર ક્યાંક ભાગી જા ને!'

'એટલે તો કહું છું: ફૂંક મારીને ઉરાડી મૂક.'

'વારુ, એવો વખત આવશે ત્યારે એય કરીશ, પણ સાચું કહું. મને રાતનો ભય લાગે છે. એથી હૃદયમાં ઊંડે ઊંડે કશાક બિહામણા પડઘા ગાજી ઊઠે છે. આંખ દૂરનિકટનો ભેદ ખોઈ બેસે છે. બધું સ્પર્શની સીમાથી દૂર સરી જાય છે.'

'એટલે તો કહું છું: લાવ તારો હાથ.'

'નહીં આપું.'

'એમ?'

'ઓય મા રે! જંગલી, આ શું કરે છે!'

દુકાનની અંદરના ભાગમાંથી ક્યાંકથી એણે દબાઈ ગયેલી ચીસ સાંભળી. એ કદાચ એની સ્મૃતિએ રચેલો આભાસ જ હશે એમ માનીને એ બેઠો રહ્યો. પછી દુકાનના માલિકે પૂછ્યું: 'કેમ, હવે રાતે ક્યાં જશો? અહીં જ ધામો નાખો ને.'

એણે કશું બોલ્યા વિના સંમતિસૂચક માથું ધુણાવ્યું. એણે બહાર પાટ પર થેલો મૂક્યો. દીવાને અજવાળે એ આજુબાજુની સૃષ્ટિની સીમાને જોઈ રહ્યો. એ સીમાને છેડે, અન્ધકારની આડશે, એને એક આકૃતિ દેખાઈ. એણે નદી તરફના અન્ધકાર તરફ નજર વાળી લીધી. ધીમે ધીમે ઘર શાન્ત થયું. સૃષ્ટિ જંપી ગઈ. જેને પોતે પોતાના હૃદયનું રહસ્ય ગણતો હતો તેની આજુબાજુ આ નવા અન્ધકારના પડને વીંટતો એ ક્યાં સુધી બેસી રહ્યો. પછી ઘાસતેલના ખડિયાને અજવાળે એ લખવા બેઠો.

પ્રિય,

એક નદી છે, હું છું, અન્ધકાર છે, તારી ફૂંકથી હું હજી ઊડ્યા જ કરું છું. હવે તું મન્ત્ર ભણીને મને પાછો ઉતારશે ત્યારે મને ઓળખી શકવાની નથી. આ અન્ધકાર તને અજાણ્યો છે. કાંઈ કેટલા અજાણ્યા પવન મારા મુખની રેખાઓ અવળીસવળી કરતા ગયા છે. આંખમાં કોઇકનાં આંસુનાં ઊડતાં ફોરાં બાઝ્યાં છે. હજુ આ જાદુ ચાલ્યા જ કરે છે. આ સંતાકૂકડીના દાવમાં તું હારી જવાની છે. કદાચ એવી ગણતરીથી જ તેં રમત નહોતી માંડી?

એ એકાએક લખતો અટકી ગયો. કોઈનો ઉષ્ણ ઉચ્છ્વાસ એની ડોક પરની રુવાંટીને થરકાવી ગયો. એણે વળીને જોયું તો સત્તરેક વર્ષની કન્યા, બે આંખો બહાર શૂન્યમાં માંડેલી, ને હાથ પાસેના પંખીના પિંજર પર ટેકવેલો. એ એક ય શબ્દ બોલતી નહોતી. અંધારી રાતે પિંજર ખોલી દે તોય શું પંખી પિંજરનો આશ્રય છોડીને રાતનો આશ્રય લેવા જાય ખરું?

# ૮

એને યાદ નથી, કેટલાય સંકેતનો એ પ્રત્યુત્તર વાળી શક્યો નથી; એ સંકેતો – કેટલાક ભીરુ તર્જનીના, કેટલાક નીચી ઢળેલી આંખોના, કેટલાક રસ્તાના વળાંકની ઓથે અણછતા રહેલા, કેટલાક હોઠ પરના વણપ્રકટ્યા ઉદ્ગારની નરી ઉષ્મારૂપ. ને છતાં કોઈક વાર આ બધા સંકેતોનું ટોળું ભેગું મળીને એને ઘેરી વળે છે. એ બધા સંકેતોનું ભેગું એક વ્યક્તિત્વ છે, એ કોઈને હવે એનું આગવું વ્યક્તિત્વ નથી. આથી એ સંકેત જે દિશામાં આંગળી ચીંધે છે તે દિશામાં રેખાઓ છે, રેખાઓના છેદ છે, ખૂણાઓ છે ને તેના પડછાયા છે, આથી જ્યારે કોઈ બોલે છે 'પ્રેમ' ત્યારે એ સંજ્ઞાનું આરોપણ કશાક નિશ્ચિત પર એ કરી શકતો નથી. આ અશક્તિ અનાસક્તિના છદ્મવેશે પ્રકટ થાય છે ત્યારે એ અકળાઈ ઊઠે છે. પણ એનું આ અકળાઈ ઊઠવું – એને જ પ્રેમના બર્બર આવિષ્કાર રૂપે વધાવી લેવાતું જોઈને એ બીજી ક્ષણે હસે છે. કોઈક વાર આ સંકેતોના ટુકડા એકઠા કરતાં એમાંથી એકાદ સળંગ છબિ, અક્ષર, દિશા ઊપસી આવે એવી આશા એને રહી રહી છંછેડે છે ત્યારે એ બે સંકેત વચ્ચેના શૂન્યમાં ઓગળી જવા જેટલી તરલતા પ્રાપ્ત કરવા મથે છે...

એક જંગી ઇમારત–દરિયાને તળિયે બેસી ગયેલી મોટી સ્ટીમર જેવી, બહારની દુનિયા સાથે કશા સમ્બન્ધ વિનાની. એની પાસેથી પસાર થતાં એકાએક એ થંભી જાય છે. એનો હાથ કોઈકે પાછળથી ખેંચ્યો હોય એવો એને ભાસ થાય છે. એ પાછળ જુએ છે – કોઈ અધીરી આંખ, કોઈ લંબાયેલો હાથ, કોઈ થંભી ગયેલાં ચરણ – એને કશું વરતાતું નથી. એક તોતિંગ ઘડિયાળ વિરાટ રાક્ષસની આંખના જેવું – એના આદેશને વશ વર્તીને બધાં

કઠપૂતળીની જેમ આમથી તેમ ઘૂમે છે. ત્યાં એની નજર ઉપર ગઈ. કોઈ એના તરફ આંગળી ચીંધીને કશુંક કહી રહ્યું હોય એવો એને ભાસ થયો. એ તપાસ કરવા ઇમારતમાં પ્રવેશ્યો. અંદર દાખલ થઈને જોયું તો એક સાથે કેટલાય ચહેરાઓ ત્યાં દેખાયા – ભીંત પરના પોસ્ટરમાં હોય છે તેવા ચપટા. એ બારણું ખોલીને બીજા ઓરડામાં પ્રવેશ્યો. મોટા ઝુમ્મરની નીચે ચળકતી ફરસબંદી પર શેતરંજનાં પ્યાદાંની જેમ સ્ત્રીપુરુષો ગોઠવાઈ ગયાં હતાં. એ બધાંને વીંધીને એ આગળ વધ્યો. ત્યાં એનો હાથ કોઈએ ઝાલી લીધો. એણે જોયું – એક નારી, મુખ પર સ્મિત – વાનિર્સના જેવું, એ ઊભો રહી ગયો. એને કશો પ્રશ્ન પૂછવાનું મન થયું નહીં. બાળપણમાં લીટી દોરેલા કાગળના પાના પર લખવા જતાં શાહી છલકાઈ જતાં પડેલા મોટા ટપકાની જેમ ચળકાટ મારતી નારીને એ જોઈ રહ્યો. એ એને એક કાઉન્ટર પાસે લઈ ગઈ. પછી તરત કાઉન્ટરની બીજી બાજુ જઈને કાચની પાછળથી એને એ કશુંક પૂછવા લાગી. એણે એના જવાબ પણ આપ્યા હોય એવું એને લાગ્યું. એને પરિણામે જ કદાચ, એને આંગળી ચીંધીને આગળ વધવાનું સૂચન કરવામાં આવ્યું. એ આગળ વધ્યો. એની સામે જ એક લિફ્ટની જાળી ઊઘડી ગઈ ને એક યુવતીએ એનું સસ્મિત અભિવાદન કર્યું. એ કશો વિચાર કર્યા વગર લિફ્ટમાં દાખલ થયો. લિફ્ટ ઊંચે જાય છે કે નીચે જાય તે જાણવાની એણે ચિન્તા કરી નહીં. લિફ્ટની છતમાંના ચપટા ઊપસેલા ગોળાકાર દીવાના જેવી સ્થિર આંખે એ યુવતી એની સામે તાકી રહી. કદાચ એ કશોક પ્રશ્ન પૂછવામાં આવે એવી અપેક્ષા રાખતી હતી. પણ એક અક્ષર સરખો બોલવાથી એની પરપોટા જેવી આંખ ફૂટી જાય તો? એની ને પોતાની વચ્ચે ઘણા બધા મૌનના પરપોટા તરતા એને દેખાયા. લિફ્ટ થંભી જતાં એ બહાર નીકળી ગયો ને પેલી યુવતી એને અનુસરે તે પહેલાં ત્વરાથી એક અંધારા ખૂણા તરફ વળી ગયો. એ તરફ જઈને જોયું તો પાંખી ચાંદનીની માયાવી સૃષ્ટિ વિસ્તરીને પડી હતી. વૃક્ષોની નીચેના પડછાયાની વસતિ વચ્ચે એ વિચાર કરવા લાગ્યો. ત્યાં એ પડછાયા પૈકીના એક પડછાયા સાથે એ અથડાઈ પડ્યો હોય એવું એને લાગ્યું.

‘તારી બારાખડીમાં પહેલો અક્ષર આઘાત છે?’

‘તારો ધ્રૂજતો હાથ પકડીને મેં જ એ બારાખડી તને ઘુંટાવી નથી?’

‘પણ ઘુંટાવનારનો હાથ તો ધ્રૂજતો નહોતો ને?’

'આઘાત કરનારનો હાથ તો કહે છે કે સ્થિર રહેવો જોઈએ, ખરું ને?'

'એ તો આઘાત કરવાનો જેને અનુભવ હોય તે જાણે.'

'આમ બોલીને તું ફરી મને આઘાત કરવાને શા માટે ઉશ્કેરી રહી છે?'

'આઘાત કરવાની વાસના જ તને આઘાતના લક્ષ્યની દિશામાં વાળે એવી આશાથી.'

'આ આઘાત સિવાય મને તારી તરફ વાળે એવું બીજું કશું જ તને નથી જડ્યું?'

'એ શોધના પરિણામનો તાળો મેળવી જોવાને બહાનેય કોઈક વાર આપણે ભેગાં થઈશું ખરાં?'

'હા, સરોવરના કાંઠા પરનાં બે છેટાં વૃક્ષોની છાયા સરોવરનાં જળમાં શું ભેટતી નથી દેખાતી?'

દૂર તળાવડીનો અણસાર હતો. વૃક્ષોની ઘટાઓમાંથી અસ્પષ્ટ ધ્વનિ આવતો હતો. એ ધ્વનિનોય સંકેત તો હશે જ ને? હા, કદાચ એને આ પાંખી ચાંદનીના દોરમાં પરોવી લઈ શકાય: અંધારામાં પોતાની તરફ વળેલા મુખના હોઠ પરથી કરડી લઈને એણેય રહસ્યને એ નારી પાસેથી આંચકી લેવાનો પ્રયત્ન નહોતો કર્યો? પણ આંચકી લેવાના પરિશ્રમ સિવાય એના હાથમાં શું આવ્યું હતું?

'શેનો હિસાબ માંડવા બેઠો છે?'

'તું કેટલું ચોરી ગઈ છે તેનો સ્તો!'

'કાંઈ વીગત મળી ખરી?'

'હા, મારું મરણ તેં ચોરીને સંતાડી દીધું છે.'

'દરેક સૌભાગ્યવતી પોતાના પ્રિયતમના મરણને સંતાડે છે.'

‘પણ મરણ જ મારું સૌભાગ્ય હોય તો?’

‘તો અસૌભાગ્યવતી બનીને પણ એને સંતાડી રાખું.’

‘કેમ?’

‘પરમ્પરાના સંસ્કાર.’

‘એ સંસ્કારને જાળવી રાખવા ખાતર મારો ભોગ?’

‘એટલો મને અધિકાર નહીં?’

‘અધિકાર ભરપટે વાપરીને મને નિ:શેષ કરી નાખ ને!’

‘નિ:શેષનો પણ શેષ વધે છે. તેં જ શું એવું નો’તું શીખવ્યું?’

‘હા, પ્રશ્નનો જવાબ મૌન, મૌનનો શેષ આંસુ, આંસુનો શેષ નિ:શ્વાસ, નિ:શ્વાસનો શેષ...’

‘બસ, બસ, તને આખો ભાગાકાર મોઢે છે તેની મને ખાતરી થઈ ગઈ છે.’

‘જેનો જવાબ શૂન્ય આવે એવી રકમ આપણે માંડીએ તો?’

‘કર્તાહર્તા તું છે.’

‘ને તું?’

‘તારું શૂન્ય.’

‘મારો સંહાર?’

‘હા, પવનની જેમ તને નિ:સંકોચ સર્વત્ર સ્પર્શી શકું, જળની જેમ ચારે બાજુથી તને ઘેરી વળીને મારામાં ડુબાડી દઉં, અગ્નિની જેમ આલિંગીને આત્મસાત્ કરું.’

એની પાસે, એના કાનની સાવ પાસે સરીને કોઈક કશુંક અસ્પષ્ટ બોલ્યું. એણે બોલનારને ઓળખવાનો યત્ન કર્યો. પણ ઓળખવા જેટલી સ્પષ્ટતા નો'તી એની આંખમાં કે નો'તી ચાંદનીમાં. આથી એણે કાંઈક આવેશપૂર્વક એ આકારનો હાથ ઝાલી લીધો. એ હાથને કદાચ એની જ અપેક્ષા હતી. એ દોરાઈને આગળ વધવા લાગ્યો. ચાંદનીનું માયાવી જગત પાછળ રહી ગયું. ઘડીમાં આંસુની ખારાશથી ભરેલી આબોહવા, ઘડીમાં પ્રવંચક દૃષ્ટિનાં તરવરતાં મૃગજળ, ઘડીમાં નિઃશ્વાસની આંધળી બાષ્પ – એ ચાલ્યે ગયો. એણે પોતાના હાથની પકડ સહેજેય ઢીલી કરી નહીં.

'તું તો જાણે ધરપકડ કરતો હોય તેવી સખત રીતે હાથને પકડે છે.'

'તારા ને મારા હાથની વચ્ચે કોઈનેય માટે અવકાશ રાખવા હું ઇચ્છતો નથી.'

'કેમ એવો અવિશ્વાસ?'

'તારો હાથ સ્વેચ્છાએ તો મારા હાથમાં આવતો નથી. એની એ દિશા જ નથી. ને જ્યારે મારી પકડ ઢીલી હોય છે ત્યારે એ મારા હાથમાં સહેજ તરફડે છે, પછી મરેલી માછલીની જેમ પડી રહે છે.'

'એ તો એનું સ્વાર્પણ.'

'એવા સ્વાર્પણનો બોજો ઉપાડવા મેં જન્મ નથી લીધો.'

'જન્મ લેતી વખતે આવી બધી તને ખબર હતી ખરી?'

'વિધિના મોંમાં આંગળાં નાખીને બોલાવતાં મને આવડે છે.'

'ને એ રીતે બોલાવતાં વિધિ હંમેશાં સત્ય જ બોલે?'

'તું સત્યને જાણે છે? તો કહેઃ હું નહિ હોઉં ત્યારે બોલતાં બોલતાં તારા બે શબ્દ વચ્ચે મારી છાયા જોઈને તું શું નહિ છળી મરે?'

'ત્યારે તો છળી મરીશ કે નહિ તેની તો ખબર નથી, પણ અત્યારની તારી ભયંકર મુદ્રા જોઈને છળી મરું છું. છોડ મારો હાથ...'

ઝંઝાવાત–સ્વપ્ન ને જાગૃતિનાં પડોને અવળાંસવળાં કરી નાખતો ઝંઝાવાત, બાલશિશુની જેમ ડગમગતે પગલે ચાલતા સૂર્યનો પડછાયો ધરતીને બાઝી પડવા મથતો હતો: બધી વેદનાનું વસ્ત્રાહરણ કરતો ઝંઝાવાત – આંસુના કેન્દ્રમાં રહેલી તેજની કણીને લૂંટી લેવા મથતો ઝંઝાવાત. એને થયું: ખરી ગયેલા પાંદડાની જેમ અદૃશ્ય થવાનું આ મુહૂર્ત છે. દરિયાને તળિયે બેસી ગયેલી સ્ટીમરની કૅબિનની બંધ બારીના કાચને તોડીને ઉપર તરી નીકળવાની આ ક્ષણ છે. એણે જોયું: એની ચારે બાજુ ભૂરો ઘોડો ઉછાળા મારે છે, ફીણના સર્પગુચ્છ અમળાઈ અમળાઈને માથું પટકે છે; હવામાં હાહાકાર છે, ક્યાંક આંસુ ઝમી રહ્યાં છે, એનાં ફોરાં ઊડી ઊડીને એને સ્પર્શી જાય છે. એ ચમકીને શૂન્યમાં મીટ માંડી રહે છે.

'મારા હાથ પર આ શું ટપક્યું? તારું આંસુ?'

'આંસુથી એટલો બધો ભડકે છે કેમ?'

'એ આંસુ પર મારો હક્ક નથી. જેણે આંસુનું એ પાતાળઝરણું તારા હૃદયમાંથી ફોડ્યું છે તે નિષ્ઠુરને જ તું આ આંસુનો અભિષેક કરી રહી છે તે જાણું છું. માટે જ તો એ આંસુ લૂછીને તારા અભિષેકની આડે હું આવતો નથી.'

'તારા પરોપકારની કાંઈ હદ નથી.'

'તું જ્યાં સુધી 'પર' છે ત્યાં સુધી પ્રેમને બદલે ઉપકાર –'

'શબ્દે શબ્દે એમ પીંખી શા માટે નાખે છે – ઝંઝાવાત કળીને પીંખે તેમ?'

'મને ઝંઝાવાત ગમે છે.'

'હું તેથી જ તો તારાથી ડરું છું.'

'એ હું જાણું છું. તને મારે માટે પ્રીતિ છે કે નહીં તેની તો મને ખબર નથી, પણ મારી તને ભીતિ છે એની તો મને પાકી ખાતરી છે. ને જે ધ્રુવ છે તેને હું શા માટે ત્યજું?'

'ભીતિને પ્રીતિમાં ફેરવી નાખવાનો કીમિયો તારી પાસે નથી?'

'એવો કીમિયો મારી પાસે હોત તો ઝંઝાવાત બનીને મેં તારાં બધાં આંસુ ક્યારનાંય ખેરવી પાડ્યાં હોત!'

'તો હજીય ઝંઝાવાતની વ્યર્થતા તને મંજૂર નથી?'

'ના, વૃક્ષની દૂર દૂરની બે શાખા જેવાં આપણે – ઝંઝાવાત જ આપણને આલિંગન કરાવી શકે. કદીક આલિંગનની ઉત્કટતામાંથી જ તણખા ઝરે, અગ્નિમાં આપણે એકરૂપ પણ થઈ જઈએ.'

'તારો લોભ ઓછો નથી.'

'સર્વનાશ નોતરવા જેટલો એ સાહસિક છે.'

એક ઇંગિતથી બીજા ઇંગિત સુધી, ત્યાંથી વળી ત્રીજા, ચોથા સુધી – એમ એ આગળ વધતો જ ગયો, ને દરેક પળે ઇંગિતોની આ જાળમાંથી છટકી જવાનો રસ્તો પણ એ શોધતો રહ્યો, પણ બોદ્લેરની પ્રિયતમાનાં ઝુલ્ફાંની જેમ સર્વનાશના અગાધ કાળા સમુદ્રને તળિયે કોઈ અન્ધ આકાશની જેમ એ ઓગળતો જ ગયો.

# ૧૦

ચારે તરફની લોકોની ભીડ, ઘોંઘાટ, વાહનોનો ખડખડાટ – આ બધાંના પ્રવાહ પર ખરી પડેલા પાંદડાની જેમ તરતો ઠેલાતો એ જઈ રહ્યો હતો, ત્યાં એકાએક એ થંભી ગયો. પાણીમાં વમળ થાય તેમ એની ચારે બાજુ વમળ થવા લાગ્યાં. એમાં થતી ભમરીના આંટા એની ચારે બાજુ ફરી વળીને એને નીચે ને નીચે ખેંચતા ગયા. નરી નિષ્ક્રિયતાનું આલમ્બન લઈને એ ટકી રહ્યો. એને મનમાં થયું: હું કેમ ઊભો રહી ગયો? સામેના મકાનના બીજા માળની કાચની બારી પરનો તડકો સળગી ઊઠીને એની ઝાળથી આંખને બાળતો હતો તેથી કે પછી ચારે બાજુ ચાલ્યા જતા લોકો સાથે ઘસાવાથી ભુંસાઈ જતી પોતાની જાતને ભુલાઈ જતી બચાવી લેવાની સંરક્ષણાત્મક સાહજિક વૃત્તિથી – તે એને સમજાયું નહીં. એનું શરીર જેને વશ વર્તીને આચરણ કરતું હતું તેને વિશે મનને હજુ જાણ થઈ નો'તી. આંખ ક્યાંક કશુંક જોઈને સ્થિર થઈ ગઈ હતી. એની સ્થિરતાના પ્રવાહે વિદ્યુતના વેગથી પગ સુધી વહી જઈને પગને પણ જકડી લીધા હતા. એણે મનને આંખની પાછળ દોડાવ્યું. દૃષ્ટિ સામે શું હતું? થોડાં રંગનાં ધાબાં, એકબીજામાં ભળી જઈને ઝાંખી થઈ અટવાઈ જતી રેખાઓ, હવામાં પીછાની જેમ તરીને દૂર ઘસડાઈ જતા અવાજો. આ બધાંનો સરવાળો કરીને આંખ કશીક છબિ ઉપજાવતી હતી ખરી? એ સરવાળો એણે અનેક રીતે કરી જોયો ને ભૂંસી નાખ્યો. એણે પ્રયત્ન છોડી દેવાનું નક્કી કર્યું. તે જ ક્ષણે એકાએક એની આંખે ઉપજાવેલી છબિ એની આગળ પ્રકટ થઈ ગઈ. એનું મન અધીર બન્યું. પણ પગ ખસ્યા નહીં.

આછી ઝરમરથી ઝાંખા બનેલા કાચની બીજી બાજુએ એ હતી. હડપચીનો પરિચિત વળાંક, નાની મોંફાડ, આંખની કશાક ભારથી લચી પડેલી પાંપણો.

'તારી આ બદામોની અંદર તું કયા ઝેરી અન્ધકારને આટલા જતનથી દુનિયાથી સાચવી રહી છે?'

હોઠ પર ફૂલની પાંખડીની જેમ વળગી રહેલું સ્મિત – જેટલું ઝરમરે ઝાંખું કરી નાખ્યું હતું તેટલું એણે ઉમેરી લીધું. એણે હોઠને ખૂલતા જોયા, અનિશ્ચિતતાથી સહેજ બિડાઈ જતા જોયા, એના પર ગોઠવાતા અશ્રુત શબ્દોને એ પામવા મથ્યો. બંધ લાગતી પાંપણો ખૂલી, દૃષ્ટિ ઊંચી થઈ ને તરત વળી ઝૂકી પડી.

'કેટલીક વાર મને શંકા થાય છે કે તેં મને આંખો ખોલીને પૂરેપૂરો જોયો છે ખરો?'

એના વાંકડિયા વાળની એક લટ એણે આંગળીની આજુબાજુ વીંટવા માંડી. આમ જ એ કશું બોલ્યા વિના મૌનને વળ ચઢાવતી. તેથી એ ઉશ્કેરાઈ જતો. એના રોષની એ કશીક કઠોરતાથી કચ્ચર કચ્ચર કરી નાખતી.

એની સામે અત્યારે કોણ હતું? એ કોની જોડે વાતો કરતી ઊભી હતી?

'તું બીજા જોડે વાતો કરી શકે છે, પણ મારી સામે આવતાંની સાથે જ કેમ સાવ મૂગી થઈ જાય છે?'

'તમે હો છો ત્યારે મને કશો વિક્ષોભ ગમતો નથી, મારો શ્વાસ પણ મને કોલાહલ જેવો લાગે છે.'

એ કુતૂહલથી આગળ ડગલું ભરવા જતો હતો ત્યાં જ એ બહાર નીકળી. એની દૃષ્ટિ પોતે જે બાજુ ઊભો હતો તે તરફ વળી. એને છતા થવાનું ન ગમ્યું. એ બાજુના દીવાના થાંભલાની ઓથે લપાઈને જોઈ રહ્યો. ઘડીભર તો એ અનિશ્ચિતતાભરી સ્થિતિમાં ઊભી રહી ગઈ. એ વખતે નીચલો હોઠ ઉપલા હોઠથી એણે સહેજ દબાવ્યો, પછી એને મુક્ત કર્યો. પવન ભરાતાં ઊડુ ઊડુ થઈ રહેલા પાલવને ખભા પર સરખો કર્યો. પછી

એણે પગ ઉપાડ્યો. એની દિશામાં જ એ આવી રહી હતી. બંને સાથે ચાલતાં ત્યારે તો એ એને ધારી ધારીને જોઈ શકતો નહીં. પણ આજે એણે જોયું. એના પગ ઊપડતા હતા, પણ જાણે ચાલતા નો'તા. એ પગોને ક્યાંક જવાની અધીરાઈ નો'તી. એ તો માત્ર શરીરમાં એક આન્દોલન, એક લયનો સંચાર કરવા પૂરતી જ ગતિ ઉપજાવતા હતા. આખા શરીરમાં થતા એ લયના સંચારને એ જોઈ રહ્યો. એ લયની છેલ્લી રેખાઓ એની આંખમાં શમી જતી. એની આંખમાં બધું જ શમાવી દેવાની ગજબની શક્તિ હતી. એના કાળા ઊંડાણને તળિયે કોણ જાણે શુંનું શું પડ્યું હશે! એ આંખો સામે એ હંમેશાં ઝૂઝતો, એનાથી એ હંમેશાં સાવધ રહેતો. રાતે સફાળો જાગી જઈને એ બાજુમાં જોઈ લેતો, ઘણી વાર એ ઊખેળીને દૂરતાનો એ વિસ્તાર કરતી. દૂરતામાં શબ્દ પહોંચતો નહીં. એ પોતે ક્યાંક કશીક નિશ્ચિહ્નતામાં ફેંકાઈ જતો હોય એવું એને લાગતું. આથી તે ચિઢાઈ જતો.

'મારી પાંપણ ઢળેલી હોય છે તેય તમને ગમતું નથી. તો બોલો હું શું કરું?'

'મને થાય છે કે તારી આંખો ફોડી નાખું. એ બદામ ફોડી નાખીને એમાંની ઝેરી મીજ દૂર દૂર ફગાવી દઉં.'

એ એની સાવ પાસેથી પસાર થઈ ગઈ. આજુબાજુના પડછાયાઓમાં એ એની નજર આગળથી સાવ ભુંસાઈ ગયો. નહીં તોય એણે એને ક્યારે જોયો હતો જે! ચાલતી વખતે એક તરફ એની ડોક સહેજ ઝૂકેલી રહેતી. એને ખભે જાણે કશોક ભાર રાખીને એ ચાલતી. એ ભાર તેણે બધાથી છુપાવેલા. કોઈક રહસ્યનો ભાર હોય એમ એને લાગતું. આથી ચાલતાં ચાલતાં કોઈક વાર બે હાથે એના ખભા પકડીને એને હલાવી નાખતો. ત્યારે બધાં વચ્ચે એકાએક એનાં વસ્ત્રો સરી પડ્યાં હોય તેમ એ અંગોને ઢાંકવા મથતી. આથી એ બમણો ચિઢાઈ જતો.

એ આગળ વધ્યે જ ગઈ. એને થયું: હું એને બૂમ પાડીને ઊભી રાખું. લોકોની ભીડ વચ્ચે બૂમ પાડવાનું એને ગમ્યું નહીં. આથી એ એની પાછળ ચાલવા માત્રથી જ, બન્ને વચ્ચે કશોક સમ્બન્ધનો તન્તુ સંધાઈ ગયો. એ તન્તુ એને ઢસડવા લાગ્યો. એ તન્તુના સ્પન્દનમાં આગળ ચાલનારના મનનો લય એને વરતાવા માંડ્યો. આવી નિકટતા

જીરવવાની એની હિંમત નહોતી. આથી એ ઊભો રહી ગયો. લોકોની ભીડ વચ્ચે કદીક કદીક એનો ચહેરો દૂરથી તરતો દેખાયો. એ ઠીક ઠીક દૂર ગઈ ત્યાર પછી એણે ફરી ચાલવા માંડ્યું. એ બંને સાથે ચાલતાં ત્યારે ગમે તે યુક્તિથી એ હંમેશાં થોડી પાછળ રહી જતી. એ કદી ઝાઝું બોલતી નહીં. ફરી ફરી એનો હાથ ખેંચીને એ એને આગળ ખેંચતો.

‘તમને મારા પર અવિશ્વાસ છે, નહીં? રખે ને હું તમને છોડીને ક્યાંક લોપ થઈ જાઉં!’

‘હા, કશોક મન્ત્ર ફૂંકીને તને તાવીજ–માદળિયામાં પૂરી રાખું કે પછી બીજની જેમ મારા મનમાં દાટી રાખું એવું મને થાય છે.’

અત્યારે પણ એનો હાથ ખેંચીને એને પોતાની પાસે લાવી દેવાનું એને મન થયું. એની ઉત્તેજનાથી એ સહજ ઝડપથી આગળ વધ્યો, હવે બેની વચ્ચે ઝાઝાં માણસો રહ્યાં નહોતાં. એ એને ચોક્ખી જોઈ શકતો હતો. એના પગ, હાથ, ખભા, ગરદન, માથું – એ બધાંને પોતાના નિયન્ત્રણની પોતાની ઇચ્છા મુજબ દોરવાની એને ઇચ્છા થઈ આવી. એના હોઠ પર પોતે ધારે તે શબ્દો જ આવે, એના શ્વાસનો દોર પણ પોતાના હાથમાં રહે, એની પાંપણો પોતે ધારે ત્યારે બિડાય ને ઊઘડે – આ વિચારથી એનામાં ઉત્સાહ આવ્યો. અગ્નિની જ્વાળાની જેમ જો એ એને વીંટળાઈ વળે – એ સિવાય એ બીજા કશાય આલિંગનમાં સમાય તેવી નહોતી.

‘તને આલિંગનમાં જકડું છું ત્યારે આપણી વચ્ચે કોઈક ત્રીજાની જગ્યા તું ખાલી રાખતી લાગે છે.’

‘મારામાં તો બધી દસેક સ્ત્રીઓ ભૂલી પડી છે, તમે એક સાથે એ બધીયને જકડી લો ને!’

એના હોઠ પર શબ્દો દાઝી ઊઠ્યા. અગ્નિ, અગ્નિ! પણ એ અગ્નિ લાવવો ક્યાંથી? શતાબ્દીઓના જીર્ણ પુંજને સળગાવી મૂકીને? એના મૌન સાથે પોતાના રોષને ચકમકની જેમ ઘસીને?

એ હવે લગભગ એની લગોલગ આવી પહોંચ્યો. એની ગરદન પરની રુવાંટી પર એને હાથ ફેરવવાનું મન થયું. પોતાના હાથના દાબથી એના ખભાના ગોળાકારને

અનુભવવાનું એને મન થયું. એ હાથની પકડને સખત કરીને એનો શ્વાસ રૂંધીને એને ગૂંગળાવી નાખવાનું એને મન થયું. એના હાથના સ્પર્શથી જ એ ચોંકી ઊઠતી. એની આંખોમાં ભયભરી લાચારી વર્તાતી. આથી જ એ પારકો બનીને જાણે દૂર હડસેલાઈ જતો, ને ધૂંધવાઈ ઊઠતો.

'મારા સ્પર્શમાત્રથી તું કેમ આમ છળી મરે છે, હું તે કોઈ રાક્ષસ છું?'

'કોણ જાણે એ સ્પર્શ તમારો નથી લાગતો. મારાથી અણજાણપણે તમારામાં કોઈક સંતાઈ બેઠું છે. હું અસાવધ રહું કે તરત એ મને મારી નાખવા લાગે છે. આથી હું ચોકી ઊઠું છું.'

એના હાથ એણે કોટના ખિસ્સામાં સંતાડી દીધા. બહુ જ હળવે પગલે, સહેજ પણ અવાજ કર્યા વિના, એ એની પાછળ પાછળ ચાલવા લાગ્યો. એનું મન એના પગ કરતાં આગળ દોડી ગયું. હવે એ ઘરે જશે, દિવસની ટપાલ, લીંબુનું શરબત, પગમાં પહેરવાની સપાટ એના ઓરડામાં એ જે ખુરશી પર બેસતો તેની પાસેથી ટ્રિપોય પર મૂકી રાખશે. એ બધું એની રાહ જોશે, પણ એ એની પ્રતીક્ષા કરતી ઉમ્બરે નહીં ઊભી હોય. ઘરમાં એનો અણસાર સરખોયે વરતાતો નહીં હોય. દર્પણમાં સહેજ નીચી વળીને એ ચાંલ્લો કરતી હોય કે નાહીને ભીના વાળ સૂકવતી એ બેઠી હોય કે ખભા પરથી સરી પડેલો છેડો ફરીથી સરખો કરતી હોય – આવી સાધારણ સ્થિતિમાં એણે કદી એને જોઈ નહોતી. એનો અધીે ભાગ એ કોણ જાને કોઈ બીજા જન્મમાં જ મૂકીને આવી હતી. મરણ સિવાય બીજા કોઈ પાસે એની ચાવી નહોતી.

મરણ – બળી ગયેલા કાગળમાંથીય ક્યાં અક્ષરો ઉકેલીને નથી વાંચી શકાતા! એ અપ્રાપ્ય હતી એનું એને એટલું દુ:ખ નો'તું. એથી એનું અભિમાન ઘવાતું હતું એ ખરું, પણ એથી વિશેષ તો એની આ અપ્રાપ્યતા જ જાણે કે સદા આંગળી ચીંધી ચીંધીને પોતાનામાં જ રહેલા કોઈને ફરી ફરી ગુપ્ત સંકેતથી બોલાવ્યા કરતી હતી. એનો એ તર્જનીસંકેત એને જંપવા દેતો નો'તો. પોતે તો એ જેને ચાહતી હતી તેના નર્યા આશ્રયસ્થાન રૂપ જ હતો. જો એ તર્જની–સંકેતને એ બંધ કરી શકે તો પોતાનામાં સંતાઈ

બેઠેલો પેલો બીજો આપોઆપ બહાર નીકળી જાય. ફરી એની આંખ આગળ ઝબકારો થયો. મરણ!

‘કેમ, આમ મારી ભણી તાકી રહ્યા છો?’

‘અહીં મારી પાસે આવ.’

‘પણ આમ ખેંચો છો કેમ?’

‘જોઈ તારી આ ગળા પરની શિરા?’

‘અરે મને દુ:ખ થાય છે, આ શું કરો છો? મારો શ્વાસ રૂંધાય છે. જુઓ તો …’

એની ફાટી ગયેલી આંખો નવા સંકેતથી એને બોલાવી રહી હતી. એ આગળ ને આગળ ચાલ્યે જતો હતો, ને છતાં પોતાથી જરાય દૂર થઈ શકતો નો’તો. ‘હવે જો એ મળે તો એને ફરી વાર ગળું ટૂંપીને મારી નાખું.’ એ બબડ્યો: મરણ! એની આગળ કોઈ નો’તું. હવે લગભગ નિર્જન થઈ ગયેલા રસ્તા પર એ એકલો ભમતો હતો – પોતાના ભૂતની સાથે.

# ૧૧

એ આખરી મુલાકાત માટે તૈયાર હતો. જે પ્રશ્નો પૂછવામાં આવે તે વિશે એણે કશી ચિન્તા કરી નહોતી. હવે કશું ગાંઠે બાંધી રાખવા જોગું ભવિષ્ય જ બચ્યું નહોતું. આથી સમ્પૂર્ણ વિસર્જનની પૂરેપૂરી તૈયારી હતી. એ હજુ મનમાં આ વાત પૂરી ગોઠવી નહિ રહ્યો ત્યાં પ્રશ્ન આવ્યો: 'સૌથી વધુ ભય શેનો લાગ્યો?'

નિર્ભયતાની આ પળે ભૂતકાળના ભયની સ્મૃતિને સ્વચ્છ કરીને જોતાં એને થોડો સમય લાગ્યો. આથી પ્રશ્નની દિશામાંથી જ જવાબ આવ્યો: 'સમયનો અને નારીનો, ખરું ને?'

એણે કહ્યું: 'હા. કાળ અને નારી – બંનેનાં સ્વરૂપ એક જ. બંને રહસ્યમય, બંને વિનાશકારી.' એને યાદ આવ્યું. બાળપણમાં દાદાએ એને એક ખિસ્સાઘડિયાળ આપ્યું હતું, કાળી દોરીથી બટનના ગાજ સાથે બાંધીને ખિસ્સામાં ગોઠવી આપતા. એનો ટક્ ટક્ અવાજ એ સાંભળ્યા કરતો, કેમ જાણે કઈ ઘડીએ એ એકધારા અવાજમાંથી જ કોઈ જાદુઈ મન્ત્ર નહિ ઉચ્ચારાવાનો હોય! આખરે અધીરાઈને વશ થઈને એણે એ બે લુચ્ચા કાંટાઓનું ગોળગોળ બોલવું, એ ચંદાની ખંધી સફેદાઈ – એ બંનેને પથ્થર સાથે પછાડ્યા. એક બચેલો કાંટો લંગડાતો લંગડાતો તોય ફરતો જ રહ્યો. આથી ગાડીના પાટા પર ઘડિયાળ મૂકીને એ આવતો રહ્યો, સાંજે જઈને જોયું તો સાવ ચપટું બની ગયેલું એનું હાડપિંજર જ ત્યાં હતું.

'કેમ શો વિચાર કરે છે? મારો જવાબ સાચો છે ને?'

એણે એકાક્ષરી જવાબ આપ્યો: 'હા.'

પ્રશ્ન આવ્યો: 'કોઈ સુખદ ઘડી, કોઈ સુખદ નારી?'

પાણીમાં પાણીનું ટીપું સરે તેમ નિદ્રામાં સરી પડવાની સુખદ ઘડી, ને સુખદ નારી?

'તારું નામ સુખદા રાખું તો?'

'કેમ, મેં એટલું બધું સુખ આપ્યું છે ખરું?'

'અરે તું તો નર્યા સુખની ખાણ છે.'

એ બોલતો હતો ત્યારે સુખદાની આંખમાંથી આંસુ સરતાં હતાં તે જોઈને એણે પૂછ્યું: 'કેમ, આંસુ પાડે છે?'

'એ તો આનંદનાં આંસુ!'

એ જવાબમાં રહેલું જૂઠાણું વરતી ગયો. એના મુખ પરનો ભાવ કળી જઈને એ બોલી: 'તને આપેલું સુખ એ મારા મારી સાથેના વેરનું પરિણામ હતું.'

એણે કહ્યું: 'મારે તો પરિણામ સાથે જ નિસ્બત છે ને!' પણ એ કહેતાં કહેતાં જ, વાક્ય પૂરું થાય તે પહેલાં, એ વાક્યનો સ્વાદ એના મોંમાંથી ઊડી ગયો હતો!

ફરી પ્રશ્ન આવ્યો: સુખદ નારી? કોઈ હતી ખરી?

જે હતી તેણે એનો પૂરો ચહેરો કદી બતાવ્યો નહોતો, એનાં આંસુનો સ્પર્શ એણે જાણ્યો છે, એના હાથનો નહીં. એની દૂરતાની એની ખબર છે, એના ઉચ્છ્વાસની હૂંફ પામવા જેટલો એ નિકટ જઈ શક્યો નથી. ને છતાં એ જવાબમાં 'ના' કહી શકે એમ નથી. જે સ્ત્રી એને પામતાં પહેલાં પામી જવાની ભીતિથી જ ખોઈ નાખવા મથી હતી તેનો ચહેરો પણ એણે ક્યાં જોયો છે? ને કેટલીક તો અન્ધકારની જેમ એના ચિત્તના શૂન્યમાં જ એકાકાર નથી થઈ ગઈ? ને છતાં…

'હું તને ઝંખું છું, ને છતાં...'

'ને છતાં શું?'

'ને છતાં તારાથી દૂર રહેવા ઝંખું છું.'

'કેટલે દૂર?'

'મારા મનની માયા ને મારી આંખનું જૂઠાણું – એ બે વચ્ચેના અન્તર જેટલે દૂર.'

'તારી દૂરતાનું એ માપ મને સમજાયું નહીં.'

'માટે જ તો તું મને નિકટ માને છે.'

'એ તારી ભ્રાન્તિ કેમ નહિ હોય?'

'તારા શબ્દો જે રીતે મને શોધતા આવે છે, તારો સ્પર્શ જે રીતે મને વળગી પડે છે, તારી આંખો જે રીતે જલની માછલીની જેમ મારા પગને ઘેરી વળે છે...'

'બસ, બસ, હાર કબૂલું છું.'

'પુરુષ હાર કબૂલતો હોય છે ત્યારે જ એ જીતવાનો નવો દાવ ખેલવાની તૈયારી કરતો હોય છે.'

'એની તને શી ખબર?'

'પુરુષના ચિત્તમાં પ્રવેશીને સ્ત્રીને આ બધું જાણી લેવું પડે છે.'

'મારું ચિત્ત – એમાં તો શૂન્ય બનીને જ વ્યાપી જવું પડે.'

'એક આંસુના ટીપામાં એથી વધારે ઘેરું શૂન્ય હોય છે.'

પ્રશ્ન આવ્યો: 'સ્મૃતિ?'

ઝડપથી – દવ લાગેલા વનમાંથી નાસતાં હરણની ફાળે એનું મન દોડવા લાગ્યું. બાળપણનો પગમાં વાગેલો બોરડીનો કાંટો, ફાટેલી ચોપડી સાંધતો ટબૂકડો હાથ, આંખ પરનાં ઝુલ્ફાં ઊંચાં લેતો હાથ, વંડી ઠેકવામાં ટેકો આપતો હાથ, બોમ્બ ફેંકતો હાથ, લોહી લૂછતો હાથ, અંધ ભિખારીના ચહેરા જેવો નિશ્ચિહ્ન હાથ, માછલી પકડવાની જાળના તાંતણાનીજેમ બીજા હાથને વળગી રહેવા મથતો હાથ, સ્મશાનમાં અસ્થિ એકઠાં કરતો હાથ, ચાલતી ગાડીના બારણા આગળના સળિયાને ઝાલતો હાથ, બારણાંને તાળું વાસતો હાથ, હવાની આંગળી ઝાલીને ભટકતો હાથ – એ હાથ હસવાનું જાણતો નથી, આંસુ પાડવાનું જાણતો નથી, એ હાથ વડે ભૂંસેલી સ્મૃતિઓને ફરીથી આંકી બતાવવાનું એ હાથને આવડે ખરું? એણે હાથ ઊંચો કર્યો – મૂઠીભર રાખ હવામાં ઊડી ગઈ.

પ્રશ્ન આવ્યો: 'પશ્ચાત્તાપ?'

'હવે તું પસ્તાય છે, ખરું ને?'

'જા જા, મેં શું પાપ કર્યું છે તે–'

'જો ને, એટલું બોલતાં તો ધ્રૂજી ઊઠે છે.'

'ધ્રૂજે મારી બલા. હું શા સારુ ધ્રૂજું?'

'હોઠ કંપે છે, પાંપણને કિનારે આંસુ ધ્રૂજે છે. મારા હાથમાંથી સરી જવા મથતી આંગળી ધ્રૂજે છે ને –'

'તારે મને રડાવવી જ છે?'

'તને પસ્તાવો થતો નથી તો તું રડે શા માટે?'

'વારુ, પસ્તાવો થાય છે, પાપ વગરનો પ્રેમ ક્યાં છે? ને કયાં આંસુએ એ પાપને ધોઈ નથી નાખ્યું, ને છતાં એની ઝાળ સદાય દઝાડ્યા જ નથી કરતી?'

‘તો છોડી દે મારો હાથ.’

‘તારો હાથ વહી જઈને કેટલો બધો તો મારામાં ભળી ગયો છે કે હવે –’

‘કોણે શીખવી આવી કવિતાઈ – સાવ નકલી!’

‘મેં કહ્યું તો ખરું – પસ્તાવો ને કવિતા બે તો પ્રેમનાં સહોદર.’

‘એ કુટુમ્બના વિસ્તારને તું સારી પેઠે ઓળખતી લાગે છે.’

‘તારું અજ્ઞાન તો અનાદિ ને અનન્ત છે, નહિ?’

‘ના, જ્યાં તારો આદિ ત્યાં એનો અન્ત.’

પ્રશ્ન: ‘હવે?’

નિર્જન નદીના તટ પરની દેખાતી ક્ષિતિજ પરની છેલ્લી રેખા કોઈએ ઉતાવળે કશુંક લખ્યું હોય ને એ વંચાતાં પકડાઈ જવાની બીકે ભૂંસી નાખવાનો પ્રયત્ન કર્યો હોય એ રીતે વિલાઈ જતી હતી. પંખીની હારની લિપિનો છેલ્લો અક્ષર પણ ભુંસાઈ જવાની તૈયારીમાં હતો, ડૂબતા સૂર્ય સાથે દિવસનો છેલ્લો પ્રશ્ન પણ ડૂબી ચૂક્યો હતો, અન્ધકાર ઈશ્વરની સર્વવ્યાપકતા સાથે સ્પર્ધામાં ઊતરી ચૂક્યો હતો. નાનું બાળક દીવાને અજવાળે શબ્દો ઉકેલતું હતું, ધીમે ધીમે ગોઠવીને, વચ્ચે ખાસ્સું અન્તર રાખીને: મરચાંનો મ, રથનો ર, ફેણનો ણ. મરચાં, રથ અને ફેણની ભેગી છબિ કે મ, ર ને ણ નો સમ્બન્ધ એ જોડી જોતું નહોતું. એની આંખમાં ‘હવે’નો પ્રશ્ન હતો, પણ તે ચિન્તાનો નહીં, કુતૂહલનો હતો, ને એણેય હવે સમ્બન્ધના અંકોડા છોડી નહોતા નાખ્યા? પણ છૂટા ફેંકેલા શબ્દોને એના પડઘા સાંધી નથી દેતા? એથી ‘હવે?’નો પડઘો ‘હવે’ જ એનો જવાબ બનીને એને સંભળાયો.